પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુરમાં પ્રકાશિત થતું દૈનિક

પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૭૯ કુલ પાના : ૪ તારીખ : ૨૫-૧૧-૨૦૨૫ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિક: કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તળાવ રોડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મો:૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

પંજાબમાં ગઠબંધનની જાહેરાત. અકાલી દળ મોટા ભાઈની ભૂમિકા ભજવશે, મુખ્યમંત્રી પણ તેમાંથી જ હશે,અમિત શાહ

નવીદિલ્હી

આવતા વર્ષે પંજાબમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી અંગે મંગળવારે એક મોટી જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ અને શિરોમણી અકાલી દળે ગઠબંધન બનાવ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પણ હાજર હતા. શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલ પણ આ સંયુક્ત કાર્યક્રમનો ભાગ છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "દરેકને ગુરુ પર્વની શુભકામનાઓ. આજે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષના નેતૃત્વમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં અકાલી દળ અને ભાજપના મુખ્ય નેતાઓ મળ્યા હતા અને નિર્ણય લીધો હતો કે ભાજપ અને અકાલી દળ આગામી પંજાબ વિધાનસભા ચૂંટણી સાથે મળીને લડશે, અને આજથી, અકાલી દળ દ્રઢછ ભાગીદાર તરીકે રાજકારણમાં કામ કરશે."



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "આજે ખૂબ જ આનંદની વાત છે કે રાષ્ટ્રીય લોકશાહી જોડાણના સૌથી જૂના સાથી પક્ષ શિરોમણી અકાલી દળ આજે એનડીએ માં પાછા ફરી રહ્યું છે. હું અકાલી દળના તમામ સાથીદારો અને સરદાર સુખબીર સિંહ બાદલનું એનડીએમાં હૃદયપૂર્વક સ્વાગત કરું છું... ગઈકાલે, જ્યારે મેં એનડીએના વિસ્તરણ વિશે વડા પ્રધાન સાથે વાત કરી, ત્યારે તેમણે સુખબીર જી અને અમારા રાષ્ટ્રપતિ જી ને પણ ફોન કર્યો. તેમણે કહ્યું કે એનડીએ હવે પૂર્ણ થઈ ગયું છે, કારણ કે બાદલ સાહેબની પાર્ટી વિના તે અધૂરું હતું. "મને વિશ્વાસ છે કે આ જોડાણ પંજાબમાં, દેશભરમાં અને વિશ્વભરમાં હિન્દુ-શીખ ભાઈચારોનું પ્રતીક બનશે, અને બંને પક્ષો આ દિશામાં સાથે મળીને આગળ વધશે."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બાદલ સાહેબના નેતૃત્વમાં, અકાલી દળ અમારો સૌથી જૂનો સાથી રહ્યો છે. અમે ઘણી ચૂંટણીઓ સાથે લડ્યા છીએ, જીત અને હાર બંનેનો અનુભવ કર્યો છે, છતાં અમારા સંબંધો અતૂટ રહ્યા છે. આજે, આ ભાગીદારીનું નવીકરણ થઈ રહ્યું છે, જે અમને ખૂબ જ ખુશ કરે છે. એનડીએના ભાગ રૂપે, જેમ જેમ ભારતીય જનતા પાર્ટી અને અકાલી દળ આગામી ચૂંટણીઓની તૈયારી કરી રહ્યા છે, અમે પંજાબ માટે એક મેનિફેસ્ટો બહાર પાડીશું, જેમાં ઘણા મુખ્ય મુદ્દાઓ હશે..."

અકાલી દળ અમારો સૌથી જૂનો સાથી રહ્યો છે. છ વર્ષ પછી, અકાલી દળ ફરી એકવાર એનડીએ ગઠબંધનમાં પાછું ફર્યું છે. શાહે કહ્યું કે પંજાબના લોકો પરિવર્તન લાવશે. અમે પંજાબમાં એનડીએ સરકાર બનાવીશું.આપ સરકાર પોતાના વચનો તોડી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "અમે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં પંજાબને સંપૂર્ણપણે ડ્રગ્સ મુક્ત બનાવીશું." શાહે કહ્યું, "હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું: પંજાબમાંથી ડ્રગ્સની સમસ્યાને દૂર કરવી અમારો મુખ્ય ઉદ્દેશ્ય રહેશે. પંજાબમાંથી ભ્રષ્ટાચારને નાબૂદ કરવો એ એક મુખ્ય ધ્યેય રહેશે, અને રાજ્યની અંદર રાષ્ટ્રવાદી શક્તિઓને મજબૂત બનાવવી પણ અમારી ટોચની પ્રાથમિકતાઓમાંની એક હશે."

પંજાબમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હાલની આમ આદમી પાર્ટી (આપ) સરકારે જનતાના વિશ્વાસ સાથે દગો કર્યો છે. તે પોતાના કોઈપણ વચનો પૂરા કરવામાં નિષ્ફળ ગઈ છે. પંજાબના લોકોએ મન બનાવી લીધું છે કે તેઓ આવી સરકાર અથવા તેની અંદરના લોકોને સહન કરશે નહીં જેમણે ગુરુઓનું અપમાન કર્યું છે. હવે જ્યારે ભાજપ અને અકાલી દળ એક સાથે આવ્યા છે, ત્યારે મને વિશ્વાસ છે કે પંજાબના લોકોનો આ સંકલ્પ વધુ મજબૂત થશે, જે અર્થપૂર્ણ પરિવર્તનનો માર્ગ મોકળો કરશે. મને વિશ્વાસ છે કે વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં, પંજાબના લોકો દ્રઢછને જબરદસ્ત વિજય અપાવશે. અમે આગામી ચૂંટણીઓમાં ચોક્કસપણે એનડીએ સરકાર બનાવીશું અને પંજાબમાં સમૃદ્ધિ પાછી લાવીશું

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "છેલ્લા ત્રણ મહિનામાં, નીતિન નવીન અને સુખબીર સિંહ બાદલે પંજાબના ખેડૂતોને સામનો કરી રહેલા પડકારો, રાજ્યના આર્થિક વિકાસ સંબંધિત ચિંતાઓ અને ત્યાંના યુવાનોને સામનો કરી રહેલા રોજગારના મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરી છે. આ ચર્ચાઓના આધારે, એક રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે જે અમે જે દ્રઢછ સરકાર બનાવવા જઈ રહ્યા છીએ તેના માટે માર્ગદર્શક માળખા તરીકે કામ કરશે."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હું એક વાત ખૂબ સ્પષ્ટ કરવા માંગુ છું. પંજાબમાંથી ડ્રગ્સની સમસ્યાને દૂર કરવી એ અમારું મુખ્ય ઉદ્દેશ્ય રહેશે. પંજાબમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવો એ એક મુખ્ય ધ્યેય રહેશે, અને રાજ્યમાં રાષ્ટ્રવાદી દળોને મજબૂત બનાવવી એ પણ અમારી ટોચની પ્રાથમિકતાઓમાંની એક હશે."

ગઠબંધનમાં 'મોટા ભાઈ'ની ભૂમિકા કોણ ભજવશે તે અંગે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "સ્વાભાવિક રીતે, શિરોમણી અકાલી દળ (એસએડી) મોટા ભાઈની ભૂમિકા ભજવશે. અકાલી દળ અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સાથે મળીને ચૂંટણી લડશે. બંને પક્ષો બધી ૧૧૭ બેઠકો પર ચૂંટણી લડશે, જેમાં અકાલી દળ મોટા ભાઈની ભૂમિકા ભજવશે."

પંજાબમાં એનડીએ ગઠબંધનનો મુખ્યમંત્રી પદનો ઉમેદવાર કોણ હશે તે અંગે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "મોટો ભાઈ મુખ્યમંત્રી બને છે. જે પણ મોટો ભાઈ હશે તે મુખ્યમંત્રી બનશે," મિત શાહ કહે છે. "ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એનડીએ) ની સૌથી મોટી તાકાત એ છે કે જ્યાં પણ એનડીએ સરકાર સત્તામાં રહી છે, ત્યાં કાયદો અને વ્યવસ્થા હંમેશા સારી રહી છે. અમારા બંને પક્ષોએ પંજાબને લગતા ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી છે અને અમે તેના પર સહમત છીએ. અમારી સૌથી મોટી પ્રાથમિકતા પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવવાની, આ સરહદી રાજ્યમાં સુરક્ષા માટે કાયદો અને વ્યવસ્થા સુધારવાની અને ગેંગનો નાશ કરવાની રહેશે. આ અમારી ટોચની પ્રાથમિકતા છે અને બંને પક્ષોના મેનિફેસ્ટોમાં સૌથી મુખ્ય મુદ્દો રહેશે."

કરતારપુર સાહિબ કોરિડોર ફરી ખોલવા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "આઝાદીના સમયથી કરતારપુર સાહિબ કોરિડોરની માંગણી ચાલી રહી છે. મારું માનવું છે કે જો અમારી પાર્ટી તે સમયે સત્તામાં હોત, તો કરતારપુર સાહિબ આજે ભારતનો ભાગ હોત. કોંગ્રેસ પાર્ટીની બેદરકારીને કારણે જ આટલું પવિત્ર અને મહત્વપૂર્ણ સ્થળ આજે ભારતનો ભાગ નથી. મોદીજીએ કરતારપુર સાહિબ કોરિડોર બનાવ્યો હતો, અને અમે જ ત્યાં યાત્રા શરૂ કરી હતી. જોકે, 'ઓપરેશન સિંદૂર' પછી, જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓ ઉભી થઈ, ત્યારે તે થોડા સમય માટે બંધ થઈ ગયું. આ મુદ્દો સંપૂર્ણપણે ઉકેલાઈ જતાં, અમે કરતારપુર સાહિબને સંપૂર્ણ સન્માન સાથે ફરીથી ખોલીશું. રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાઓ પર કોઈ રાજકારણ ન હોવું જોઈએ."

ભાજપ અને શિરોમણી અકાલી દળ (એસએડી) વચ્ચેના જોડાણના સમય અંગે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કહે છે, "જ્યાં સુધી વિલંબની વાત છે, જો આપણે સાથે ન આવ્યા હોત, તો પણ આમ આદમી પાર્ટી (આપ) હારી જ જતી હતી; અને હવે, તેમનો સંપૂર્ણ નાશ થઈ જશે."

જેલમાં બંધ શીખો (શીખ કેદીઓ) ના મુદ્દા પર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કહે છે કે, "અમે જેલમાં બંધ શીખોના મુદ્દા પર પણ ચર્ચા કરીશું. બંને પક્ષોના પોતાના મંતવ્યો છે; બંને પક્ષો સાથે બેસીને આ અંગે આગળ વધવાનો માર્ગ શોધશે."

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું, "આજે કાર્તિક પૂર્ણિમા છે અને હું તમને ગુરુ પૂર્ણિમા પર મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આજનો દિવસ ખૂબ જ શુભ છે, અને પંજાબના હિતમાં એક મોટો નિર્ણય લેવામાં આવી રહ્યો છે. હું સુખબીર સિંહ બાદલ અને તેમના પક્ષના સભ્યોને મારા હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. દ્રઢછ ગઠબંધનમાં તમારું જોડાવાથી આપણે બધા મજબૂત થઈશું."

નીતિન નવીન કહે છે, "મારું માનવું છે કે શિરોમણી અકાલી દળ સાથેનું આ ગઠબંધન સ્વાભાવિક છે... અમે પછીથી બેઠક વહેંચણીની ચર્ચા કરીશું, પરંતુ આજે સાથે આવીને, અમે સ્પષ્ટ સંદેશ મોકલી રહ્યા છીએ કે અમે પંજાબની સેવા કરવા માટે એક થયા છીએ. મને વિશ્વાસ છે કે પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ માં સાથે આવીને, અમે ડ્રગ્સ મુક્ત પંજાબ બનાવવા, પંજાબના યુવાનોને તેમના પોતાના રાજ્યમાં રોજગાર આપવા, મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને વિકાસલક્ષી સરકાર બનાવવાનો સંકલ્પ કરીશું... હું ફરી એકવાર સુખબીર સિંહ જી અને તેમના તમામ વરિષ્ઠ સાથીદારોનું દ્રઢછ પરિવારમાં હૃદયપૂર્વક સ્વાગત કરું છું અને અભિનંદન આપું છું."

આગામી સમયમાં ગુજરાતમાં ઠંડીના પ્રમાણમાં વધઘટ જોવા મળી શકે છે

અમદાવાદ

હાલ રાજ્યમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા હોવા છતાં લઘુત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતા છે. જેના કારણે દિવસે ગરમીમાં વધારો થશે, જ્યારે વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ થશે. દિવસ અને રાતના તાપમાનમાં સ્પષ્ટ તફાવત જોવા મળી શકે છે. ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૧૬થી ૧૭ ડિગ્રી રહેવાનું અનુમાન છે, જ્યારે મહત્તમ તાપમાન ૩૦થી ૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. બપોરના સમયે ગરમી અનુભવાશે, પરંતુ ૨૫થી ૨૬ નવેમ્બર દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ફરી ઘટાડો થવાની શક્યતા છે.ગુજરાતમાં આ વર્ષે મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય ન થતાં રાજ્યમાં ઠંડીનું આગમન મોડું થઈ રહ્યું છે. ઉત્તર ભારત તરફથી આવતા ઠંડા પવનોની અસર પણ અપેક્ષા મુજબ જોવા મળી રહી નથી. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, યુરોપિયન દેશોના હવામાન અને જેટ સ્ટ્રીમની ગતિવિધિઓની અસર ભારતીય શિયાળા પર પડી શકે છે. શિયાળાની તીવ્રતા નક્કી કરવામાં પશ્ચિમી વિક્ષોભની સક્રિયતા મહત્વની રહેશે.

ડિસેમ્બરની શરૂઆતથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ ધીમે ધીમે વધવા લાગશે. ૯થી ૧૦ ડિસેમ્બરની આસપાસ પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાની શક્યતા છે, જ્યારે ડિસેમ્બર દરમિયાન બંગાળની ખાડીમાં પણ હવામાનની હલચલ જોવા મળી શકે છે અને લો પ્રેશર સિસ્ટમ બનવાની સંભાવના છે.

આગાહી મુજબ, ૧૭થી ૧૯ ડિસેમ્બર દરમિયાન હાડ થીજાવતી ઠંડી પડી શકે છે. ત્યારબાદ ૨૨ ડિસેમ્બર બાદ ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને હિમાચ્છાદિત સ્થિતિ સર્જાવાની શક્યતા છે, જેની સીધી અસર ગુજરાતના હવામાન પર પણ જોવા મળી શકે છે. ૨૯ ડિસેમ્બર આસપાસ ગુજરાતમાં ઠંડીનો વધુ એક મોટો રાઉન્ડ આવશે અને ડિસેમ્બરના અંતિમ દિવસોમાં ઠંડીનું જોર વધશે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ડિગ્રી સેલ્સિયસની આસપાસ પહોંચી શકે છે અને આ વખતે શિયાળાની સૌથી વધુ ઠંડી ડિસેમ્બરના અંતિમ દિવસોમાં અનુભવાય તેવું અનુમાન છે.ઘઉં અને



જીરું સહિતના રવિ પાક માટે હવામાન ધીમે ધીમે અનુકૂળ બની શકે છે, પરંતુ આગામી દિવસોમાં તાપમાનમાં થતી વધઘટને ધ્યાનમાં રાખીને ખેડૂતોએ સાવચેતી રાખવી જરૂરી છે. ખાસ કરીને જીરાના પાકમાં ભેજ અને વાદળછાયા વાતાવરણને કારણે રોગચાળાની શક્યતા વધી શકે છે, તેથી પાકનું નિયમિત નિરીક્ષણ કરવું હિતાવહ છે. બીજી તરફ, વધુ પડતી ગરમીની શક્યતા ઓછી હોવાથી જીરાના પાકમાં જિનેટિક રિવર્ઝનનું જોખમ ઓછું રહેવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.


તાપમાનમાં વધારો થતાં બાગાયતી પાકો અને શાકભાજીમાં જીવાતનો ઉપદ્રવ વધી શકે છે. ફુલાવર સહિતના શાકભાજીના પાક પર પણ તાપમાનની વધઘટની અસર જોવા મળી શકે છે. આગામી હવામાન માટે 'અલ નીનો' ની સ્થિતિ મહત્વનું પરિબળ બની શકે છે, જ્યારે ફેબ્રુઆરી અને માર્ચ મહિના રવિ પાકોની વૃદ્ધિ અને ઉત્પાદનની દૃષ્ટિએ મહત્વપૂર્ણ રહેશે. આથી ખેડૂતોને પોતપોતાના પાક પ્રમાણે કૃષિ નિષ્ણાતોની સલાહ અનુસરવાની સલાહ આપવામાં આવી છે.

હિંદુઓ માત્ર પંચદેવની પૂજા કરે, નકલી દેવી-દેવતાઓથી દૂર રહે : દ્વારકા પીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી

અમદાવાદ

અમદાવાદ નજીક જાસપુર ખાતે નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી ઊંચા મંદિર 'વિશ્વઉમિયાધામ' ખાતે દ્વારકા શારદા પીઠના જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી મહારાજે ખાસ મુલાકાત લીધી હતી. તેમણે વિશ્વના સૌથી ઊંચા મંદિરના નિર્માણ કાર્યનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને આ પાવન અવસરે શિલાપૂજન કરીને જગતજનની મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીએ વિશ્વઉમિયાધામના નિર્માણાધીન ગર્ભગૃહની મુલાકાત લઈને ચાલી રહેલા બાંધકામની પ્રગતિ અંગે માહિતી મેળવી હતી. પરિસરની ભવ્યતા અને આધ્યાત્મિક વાતાવરણની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું હતું કે, "વિશ્વઉમિયાધામ પરિસરની ઉર્જા ખૂબ જ સકારાત્મક છે અને આ ભવ્ય ધામ આગામી સમયમાં સનાતન ધર્મનું મોટું પ્રતિક બનશે."



આ પ્રસંગે ઉપસ્થિત શ્રદ્ધાળુઓ અને સમાજને ધર્મનો સાચો માર્ગ બતાવતા શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજીએ મહત્ત્વપૂર્ણ ટકોર કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "હિંદુ ધર્મના લોકોએ માત્ર પંચદેવની જ પૂજા કરવી જોઈએ અને નકલી દેવી-દેવતાઓથી દૂર રહેવું જોઈએ." શંકરાચાર્યના આ નિવેદન અને આશીર્વચનથી ઉપસ્થિત ભક્તોમાં ભારે આધ્યાત્મિક ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઝાયડસ હૉસ્પિટલ વડોદરાના
સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર્સ
દ્વારા આયોજીત OPD
zydus Hospitals Vadodara

26 નવેમ્બર, 2026, ગુરૂવારે
ડૉ. ચતુર્ભુજ રાઠોડ
ખેંચ અને વાઈ રોગના નિષ્ણાંત

- આંચકી આવવી કે ધ્રુજારી થવી
- ચક્કર
- બેભાન થવું
- કંપવા રોગનાં નિષ્ણાંત
- સ્નાયુ જકડાઈ જવા
- કમરનો દુખાવો
- ખેંચ અને વાઈ રોગ
- પેરાલીસીસ
- માથાનો દુખાવો

સમય: સવારે 10.00 થી 12.00 સુધી
સ્થળ: પદ્મનાભ સર્જીકલ હૉસ્પિટલ, જલારામ પ્લાઝાની પાછળ, પોલીસ હેડ ક્વાર્ટર્સની બાજુમાં, બસ ડેપોની સામે, ગોધરા

સમય: બપોરે 12.00 થી 02.00 સુધી
સ્થળ: સંગમ હૉસ્પિટલ એમજી રોડ, તાનસેન કોમ્પ્યુટર કેમ્પસ, પાંજરાપોર, કલાલ દરવાજા, ગોધરા

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો:
70690 35112, 84605 35090

ઝાયડસ હૉસ્પિટલ, અક્ષર ચોક, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા - 390 020. ગુજરાત.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુદ્વારામાં ઝુકાવ્યું શીશ; રાજ્યની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી



ગાંધીનગર


પોર ગામે શીખ ધર્મના પ્રથમ ગુરુ અને સ્થાપક સંત ગુરૂ નાનક દેવની ૫૫૭મી જયંતિ એટલે કે ગુરૂપુરબના પાવન અવસરે ધાર્મિક માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોર ગામે આવેલા ગુરુદ્વારા ખાતે ઉપસ્થિત રહી શ્રદ્ધાભાવપૂર્વક દર્શન અને પૂજન-અર્ચન કર્યા હતા. આ દરમિયાન તેમણે પવિત્ર ગુરૂ ગ્રંથ સાહિબ સમક્ષ શીશ ઝુકાવી રાજ્યના નાગરિકોની સુખ-સમૃદ્ધિ, શાંતિ, એકતા અને ગુજરાતના અવિરત વિકાસ માટે વિશેષ અરદાસ કરી હતી.

ગુરૂ નાનક દેવની ૫૫૭મી જન્મજયંતિના પાવન અવસરે પોરના ગુરુદ્વારા ખાતે ભક્તિભાવ અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુદ્વારામાં પ્રવેશ કરી પવિત્ર ગુરૂ ગ્રંથ સાહિબના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે શીશ ઝુકાવી રાજ્યના તમામ નાગરિકોના સુખાકારીભર્યા જીવન માટે પ્રાર્થના કરી હતી. ગુજરાતમાં શાંતિ, સામાજિક એકતા, ભાઈચારો અને વિકાસની ગતિ સતત જળવાઈ રહે તેવી ભાવના સાથે તેમણે અરદાસ કરી હતી.

આ પ્રસંગે ગુરૂદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સેવક ગુરુપ્રીતસિંહ ધિલ્લોન તથા પરમજીતકૌર છાબડા દ્વારા મુખ્યમંત્રીનું પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ખેસ-સરોપા અને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ અમૃતસર સ્થિત સુવર્ણ મંદિરની પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી. ગુરુદ્વારા પ્રબંધક સમિતિના સભ્યો દ્વારા મુખ્યમંત્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુરૂ નાનક દેવએ આપેલા સમાનતા, માનવતા, સેવા, ભાઈચારો અને પરસ્પર પ્રેમના સંદેશને યાદ કરી આ પાવન પ્રસંગે ઉપસ્થિત સૌએ ધાર્મિક શ્રદ્ધા વ્યક્ત કરી હતી. શીખ ધર્મમાં સેવા અને સમર્પણનું વિશેષ મહત્ત્વ રહેલું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ગુરૂદ્વારા ખાતે આયોજિત લંગરમાં ભાગ લીધો હતો. તેમણે શ્રદ્ધાળુઓને પ્રસાદનું વિતરણ કરી સેવાકાર્યમાં સહભાગી થયા હતા અને સેવા-ભક્તિની પરંપરાનો લાભ લીધો હતો.આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર રૂપસિંહ ઠાકોર, ધારાસભ્ય રીટાબેન પટેલ, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ આશિષ દવે સહિતના પદાધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શીખ સમુદાયના મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ પણ ગુરુ નાનક જયંતિના પવિત્ર પર્વની ઉજવણીમાં ભાગ લીધો હતો.ગુરૂ નાનક જયંતિના અવસરે પોરના ગુરૂદ્વારા ખાતે યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં શ્રદ્ધા, સેવા અને ભાઈચારાની ભાવના જોવા મળી હતી. મુખ્યમંત્રીની ઉપસ્થિતિને પગલે શીખ સમાજના આગેવાનો અને શ્રદ્ધાળુઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

જામનગરના દરિયાકાંઠા પર એલર્ટ, મરીન ટાસ્ક ફોર્સનું મેગા પેટ્રોલિંગ, ટાપુઓ અને બંદરો પર ચાંપતી નજર



જામનગર

જામનગરના દરિયાકાંઠે સુરક્ષા એજન્સીઓ એલર્ટ મોડ પર આવી ગઈ છે. વેસ્ટ એશિયામાં પ્રવર્તી રહેલી તણાવપૂર્ણ ભૂરાજકીય પરિસ્થિતિ અને આગામી રાષ્ટ્રીય કક્ષાની કોસ્ટલ સિક્યુરિટી એક્સરસાઈઝને ધ્યાનમાં રાખીને જામનગર જિલ્લાના સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા મેગા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. ઝિંદ્રા ટાપુ, માસુરા ક્રીક, જૂના-નવા બેડી બંદર અને રોઝી બંદર સહિતના વિસ્તારોમાં સુરક્ષા દળોએ સઘન ચકાસણી કરી.

જામનગર સેક્ટરની મરીન ટાસ્ક ફોર્સ અને બેડી મરીન પોલીસની ટીમોએ સંવેદનશીલ સાગરકાંઠા તથા ટાપુ વિસ્તારોમાં પગપાળા અને બોટ મારફતે પેટ્રોલિંગ કર્યું હતું. દરિયાઈ માર્ગે ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી અને નશીલા પદાર્થોની ગેરકાયદેસર હેરફેર જેવી પ્રવૃત્તિઓને અટકાવવા માટે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષા દળોએ ફિશ લેન્ડિંગ પોઈન્ટ, જેટીઓ, ઔદ્યોગિક સ્થાપનો તેમજ અવાવરું અને નિર્જન વિસ્તારોની તપાસ કરી હતી. દરિયાઈ વિસ્તારમાં કોઈ અજાણી બોટ કે શંકાસ્પદ હિલચાલ જોવા મળે છે કે કેમ તેના પર ખાસ નજર રાખવામાં આવી હતી.

મરીન ટાસ્ક ફોર્સના કમાન્ડોએ માછીમારી વસાહતોની મુલાકાત લઈને માછીમારો સાથે સીધો સંવાદ કર્યો હતો. દરિયામાં કોઈ શંકાસ્પદ બોટ, અજાણી વ્યક્તિ કે અસામાન્ય હિલચાલ જોવા મળે તો તાત્કાલિક સુરક્ષા એજન્સીઓને જાણ કરવા માછીમારોને અપીલ કરવામાં આવી હતી. દરિયાઈ સુરક્ષામાં સ્થાનિક માછીમારોનો સહયોગ પણ મહત્ત્વનો હોવાથી તેમને સજાગ રહેવા સૂચના આપવામાં આવી હતી.

એટીએસ અને કોસ્ટલ સિક્યુરિટીના એડીજીપી અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડીઆઈજી એ.એમ. મુનિયા અને એસપી એસ.જે. પરમારના નેતૃત્વમાં જામનગર સેક્ટરના પીઆઈ ધરમવીર યાદવ તથા બેડી મરીન પોલીસની ટીમો પેટ્રોલિંગમાં જોડાઈ હતી. વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતા જામનગરના દરિયાકાંઠે સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી છે. આગામી દિવસોમાં પણ સ્થાનિકોના સહયોગથી સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને સુરક્ષા ચકાસણી ચાલુ રાખવામાં આવશે.

વી.ડી. સાવરકરના પ્રપૌત્રે સોનિયા ગાંધીને કાનૂની નોટિસ મોકલી, પુસ્તકમાં અપમાનજનક ટિપ્પણીઓનો આરોપ

નવીદિલ્હી

કોંગ્રેસ પાર્ટીના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધી તેમના પુસ્તક "બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ" માટે સમાચારમાં છે. જોકે, તેમનું પુસ્તક પણ નોંધપાત્ર વિવાદ પેદા કરી રહ્યું છે. વિનાયક દામોદર સાવરકરના પ્રપૌત્ર, સત્યકી સાવરકરે સોનિયા ગાંધીને કાનૂની નોટિસ મોકલી છે. નોટિસમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના તાજેતરમાં પ્રકાશિત પુસ્તકમાં સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકર વિશે અપમાનજનક ટિપ્પણીઓ છે.

વિનાયક દામોદર સાવરકરના પ્રપૌત્ર, સત્યકી સાવરકરે ચેતવણી આપી છે કે જો સોનિયા ગાંધી ૧૫ દિવસમાં નોટિસનો જવાબ નહીં આપે, તો તેમની સામે કોર્ટમાં અવમાનની અરજી દાખલ કરવામાં આવશે. સત્યકી સાવરકરના વકીલ, સંગ્રામ કોલ્હાટકરે જણાવ્યું હતું કે સોનિયા ગાંધીને દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને પોસ્ટ અને ઈમેઈલ દ્વારા કાનૂની નોટિસ મોકલવામાં આવી છે. નોંધનીય છે કે રાહુલ ગાંધીએ અગાઉ વીડી સાવરકર વિરુદ્ધ કરેલી ટિપ્પણીઓ માટે વિવાદ ઉભો કર્યો છે.

સુત્રો અનુસાર, કાનૂની નોટિસમાં સોનિયા ગાંધીની તેમના પુસ્તકના પાના ૨૦૧ પરની ટિપ્પણીનો ઉલ્લેખ છે: "જ્યારે કોંગ્રેસ સ્વતંત્રતા સેનાનીઓ બ્રિટિશ શાસકોના હાથે હુમલાઓ અને કેદનો સામનો કરી રહ્યા હતા, ત્યારે વિનાયક દામોદર સાવરકર જેવા વરિષ્ઠ આરએસએસ વિચારકો તેમના વસાહતી શાસકોને દયા અરજીઓ લખી રહ્યા હતા, અને તેમના સંગઠનના સભ્યો બ્રિટિશ અધિકારીઓ સાથે માહિતી આપનારા તરીકે સાંઠગાંઠ કરી રહ્યા હતા."

પ્રાપ્ત માહિતી અનુસાર, સત્યકી સાવરકર દ્વારા મોકલવામાં આવેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે વી.ડી. સા

મહીસાગર જીલ્લા તાત્રોલી પુલ નીચે મહાકાળી માતાની મૂર્તિ મળતાં દુર દુરથી લોકો ઉમટી પડયા

લુણાવાડા,

આજના ડિજીટલ યુગમાં શ્રદ્ધા કરતાં અફવા વધુ ઝડપથી પ્રસરે છે, તેનું જીવંત ઉદાહરણ મહીસાગર નદીના પટમાં જોવા મળી રહ્યું છે. નદીની રેતીમાંથી મળેલી મહાકાળી માતાની એક પ્રાચીન મૂર્તિનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થતાં જ દૂર–દૂરથી લોકોના ટોળાં ઉમટી પડ્યા છે, અને જોતજોતામાં ભક્તિનું સ્થાન અંધશ્રદ્ધા અને વ્યાપારે લઈ લીધું છે.

એક તરફ દાનપેટી અને દુકાનો વચ્ચે દુઃખ દૂર કરવાના દાવા થઈ રહ્યા છે, તો બીજી તરફ યુવાનો રીલ્સ બનાવી વ્યૂઝ મેળવવાની હોડમાં લાગ્યા છે. જેના કારણે આસ્થાના નામે ચાલતી આ પ્રવૃત્તિઓ સામે સમગ્ર જીલ્લામાં તર્ક અને સવાલો ઉઠ્યા છે.

મહીસાગર જીલ્લાના તાત્રોલી પુલ નીચે નદીના પટમાંથી મળી આવેલી મૂર્તિના ફોટા અને વીડિયો વાયરલ થયા બાદ છેલ્લા કેટલાક દિવસોથી સ્થળ પર મોટી સંખ્યામાં લોકોની ભીડ જામી રહી છે. શરૂઆતમાં મૂર્તિ મળવાની ઘટનાને લઈને સ્થાનિક સ્તરે જીજ્ઞાસા અને શ્રદ્ધાનું વાતાવરણ જોવા મળ્યું હતું, પરંતુ સમય જતાં અહીં ધાર્મિક આસ્થાની સાથે અંધશ્રદ્ધા અને વ્યાપારીકરણના દશ્યો પણ સામે આવતાં આ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

સોશિયલ મીડિયા પર મૂર્તિ પ્રગટ' થઈ હોવાના દાવા સાથે વીડિયો ફરતો થતાં દૂરદૂરથી લોકો દર્શન માટે પહોંચી રહ્યા છે. સ્થળ પર મૂર્તિની આસપાસ પૂજા–અર્ચના શરૂ થઈ ગઈ છે અને સાથે જ દાનપેટી પણ મૂકાઈ છે. કેટલાક દ્વારા ભીડનો લાભ લઈ આ સ્થળને ધંધાકીય સ્વરૂપ આપવાના પ્રયાસો થઈ રહ્યાની ચર્ચા છે.



વિસર્જન કરેલ ખંડિત મૂર્તિ પાણી ઓસરતાં દેખાઈ

મહીસાગર જીલ્લાના કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટતાં નદીનું જળસ્તર નીચું ગયું છે અને નદીનો પટ ખુલ્લો થયો છે. આ ખુલ્લા પટમાંથી મળેલી ખંડિત મૂર્તિ અગાઉ કોઈ મંદિરમાં સ્થાપિત હશે અને ખંડિત થયા બાદ શાસ્ત્રોક્ત નિયમ મુજબ તેનું નદીમાં વિસર્જન કરાયું હોવાનું અનુમાન છે.

ધાર્મિક માન્યતા અનુસાર ખંડિત મૂર્તિ અપૂજ્ય ગણાતી હોવાથી તેને પવિત્ર જળમાં પધરાવવાની પરંપરા છે. પાણી ઓસરતાં દેખાયેલી આ મૂર્તિ કોઈએ ત્યાં ઊભી કરી દીધી હતી, પરંતુ સોશિયલ મીડિયા પર મૂર્તિ પ્રગટ થઈ' હોવાની અફવા ફેલાતાં સમગ્ર પંથકમાં આસ્થા, અંધશ્રદ્ધા અને તર્ક–વિતર્ક સાથે લોકોની મોટી ભીડ જામી છે.

સંખેડાના વાઘપુર, નૂરપુરને જોડતો ૨૦ વર્ષ જૂના રોડ બિસમાર બનતા લોકો પરેશાન



સંખેડા,

સંખેડાના પેટાપરા વાઘપુર, છાપરિયા તેમજ ફતેપુર પંચાયતના નૂરપુર ગામને જોડતો મુખ્ય માર્ગ અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ જતાં ગ્રામજનોની ધીરજ ખૂટી છે. આશરે ૨૦ વર્ષ પહેલાં બનેલા આ આરસીસી રસ્તાને ડામરનો પાકો નવીન ન બનાવાતાં રોષે ભરાયેલા ગ્રામજનોએ રસ્તા પર એકત્ર થઈ તંત્ર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. જો સત્વરે પાકો ડામર રસ્તો નહીં બને તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર વાઘપુર, છાપરિયા અને નૂરપુર ગામને જોડતો આરસીસી રોડ આશરે ૨૦ વર્ષ અગાઉ બનાવાયો હતો. લાંબા સમયથી સમારકામના અભાવે હાલ રસ્તાની હાલત દયનીય બની છે. ઠેર–ઠેરથી રસ્તો તૂટી જતાં કપચી બહાર આવી ગઈ છે અને આરસીસીના લોખંડના સળિયા પણ બહાર નીકળી આવ્યા છે. જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકો પર સતત અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે.

આ બિસ્માર માર્ગને કારણે ત્રણેય ગામોની આશરે ૧૧૦૦ જેટલી વસ્તીને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને આ જ રસ્તા પરથી દરરોજ શાળાએ જતા વિદ્યાર્થીઓને પણ પારાવાર હાલાકી વેઠવી પડી રહી છે. ચોમાસામાં કે સામાન્ય દિવસોમાં પણ આ રસ્તા પરથી પસાર થવું વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે કપરૂં બન્યું છે.

૨ વર્ષ પહેલાં રજૂઆત કરી છતાં પરિણામ શૂન્ય

ગ્રામજનોના આક્ષેપ મુજબ, આ અગાઉ સંખેડા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કચેરી તેમજ સ્થાનિક ધારાસભ્ય સમક્ષ રજૂઆત કરાઈ હતી. તેમ છતાં આજદિન સુધી પાકો ડામર રોડ બનાવવાની કોઈ કામગીરી હાથ ધરાઈ નથી. અંતે તંત્રને જગાડવા સોમવારે ગ્રામજનો રસ્તા પર ઉતર્યા હતા અને સત્વરે નવો રસ્તો બનાવવાની માંગ સાથે ચૂંટણી બહિષ્કારનું એલાન કર્યું હતું.

રસ્તો નહીં મળે તો અમે ચૂંટણી બહિષ્કાર કરીશું ૨૦૨૪માં ડામરનો પાકો રસ્તો બનાવવાની અરજી આપી હતી. અમારા ઉગામોની ૧૧૦૦ની વસ્તી છે. અમારી માંગણી છે કે અમોને રસ્તો મળે. જોરસ્તો નહીં મળે તો અમે ચૂંટણી બહિષ્કાર કરીશું.

:– ભરતભાઈરતિલાલ બારીયા, સ્થાનિક રહીશ.–:

અમારી ડામર રોડની જરૂરિયાત છે અમે પાકો ડામરનો રસ્તો બનાવવા માટે સરપંચ, ટી.ડી.ઓ.તેમજ ધારાસભ્યને રજૂઆત કરી હતી. પણ હજી સુધી ડામરનો રસ્તો થયો નથી. અમારા ગરીબો સામે જોવા આવે તો ને. એમને તો એસીનો આરામ જોઈએ. અમારી બાજુ તો જોતા જ નથી. અમારી ડામર રોડની જરૂરિયાત છે. અમને ડામર રોડ આપો.

:– હિમેશભાઈ બારીયા, સ્થાનિક.–:

નસવાડીના કુંડા-નોલીયાબારી ફળિયા સુધી કાચા રસ્તાની મંજૂરી વન વિભાગમાં અટવાતા ગ્રામજનોને મુશ્કેલીઓ

નસવાડી,

નસવાડી તાલુકાના ડુંગર વિસ્તારના કુંડા–નોલીયાબારી ફળિયાથી આમતા ગામ સુધીનો કાચો રસ્તો પાકો બનાવવાની મંજૂરી વન વિભાગમાં અટવાઈ છે. રૂ. ૧૧ કરોડથી વધુના ખર્ચે બનનારા આ રસ્તાની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયાના કેટલાય મહિના વીતી ગયા હોવા છતાં કામગીરી શરૂ થઈ નથી.

જેના પગલે ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. નસવાડી તાલુકાના ડુંગર વિસ્તારમાં આવેલા કુંડા–નોલીયાબારી ફળિયાને જોડતો રસ્તો વર્ષોથી કાચો છે. સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવીની સતત રજૂઆતો બાદ સરકારે આ રસ્તો પાકો બનાવવા મંજૂરી આપી હતી. ત્યારબાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. કામનું ટેન્ડર પણ જે તે એજન્સીને ફાળવાયું હતું. જોકે, વન વિભાગની મંજૂરી મળ્યા બાદ જ કામગીરી શરૂ થવાની હોવાથી હજુ સુધી મંજૂરી મળી નથી.

વર્ષોથી કાચા રસ્તાની સમસ્યા ભોગવતા ગ્રામજનો માટે ચોમાસામાં અવરજવર કરવી મુશ્કેલ બની જાય છે. રસ્તા પર કાદવ–કીચડ થવાથી વાહનો ફસાઈ જાય છે. બાળકોને શાળાએ જવામાં પણ મુશ્કેલી પડે છે. કાચા રસ્તાને કારણે સગર્ભા મહિલાઓને ઉંચકીને દવાખાને લઈ જવાની અનેક ઘટનાઓ બની છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ, અગાઉ આ રસ્તાને કારણે એક બાળકનો જીવ પણ ગયો હતો.

આઝાદીનાં વર્ષો બાદ પણ પાકા રસ્તાની સુવિધાથી વંચિત ગ્રામજનો હવે થાકી ગયા છે. આગામી દિવસોમાં છોટાઉદેપુર ખાતે આવી રહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ પ્રશ્ને ધ્યાન આપે. તંત્રને જરૂરી સૂચના આપે. વન વિભાગની મંજૂરી ઝડપથી અપાવે. એવી માંગ ઉઠી છે. ગ્રામજનોએ વન વિભાગ તાત્કાલિક મંજૂરી આપે. રસ્તાનું કામ શરૂ કરાવે. એવી માગણી કરી છે, જેથી વર્ષો જૂની સમસ્યામાંથી મુક્તિ મળી શકે.

કાચા રસ્તાનું દુઃખ

અધિકારીઓ અને નેતાઓને શું ખબર? સરકાર વિકાસની વાતો કરે છે, પરંતુ કાચા રસ્તાનું દુઃખ અધિકારીઓ અને મોટા ભાષણો કરતા નેતાઓને શું ખબર ? અમે અમારા આદિવાસી મહિલાઓને અનેકવાર ઉંચકીને દવાખાને લઈ ગયા છીએ. અનેક ઘટનાઓ બન્યા બાદ



સરકારે રસ્તો મંજૂર કર્યો છે, પરંતુ હવે બનશે ક્યારે તે ખબર નથી. પૂછપરછ કરીએ તો વન વિભાગની મંજૂરી બાકી હોવાનું જણાવવામાં આવે છે. હવે તો થાકી ગયા છીએ. આમતાથી નોલીયાબારીથી કુંડા સુધીનો રસ્તો બનાવી આપવામાં આવે તો સારૂં. સૌથી વધુ હેરાનગતિ સગર્ભા મહિલાઓને થાય છે. માલજીભાઈ ડુંગરા ભીલ, તાલુકા પંચાયત સદસ્યના પતિ

નોલીયાબારીથી કુંડાનો ૬ કિમીનો રસ્તો કાચો આમતાથી નોલીયાબારી ફળિયાથી કુંડા સુધીનો અંદાજે ૬ કિલોમીટરનો કાચો રસ્તો હજુ પાકો બન્યો નથી. વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવ્યા બાદ કાચા રસ્તાની કામગીરી શરૂ થાય તેમ છે.

આઝાદીનાં વર્ષો વીત્યા છતાં સરકાર ગામડાં સુધી પાકા રસ્તાની સુવિધા પહોંચાડી શકી નથી. અનેક ઘટનાઓ બન્યા બાદ પણ લોકો હજુ આવી પરિસ્થિતિમાં જીવન ગુજારી રહ્યા છે.

બાળકોના શિક્ષણથીલઈ આરોગ્ય સુવિધાસુધી મુશ્કેલી

નોલીયાબારી ફળિયાને જોડતો પાકોરસ્તો નથી. અહીં આંગણવાડી પણ ન હોવાથી બાળકોને કુંડા જવું પડેછે, પરંતુ રસ્તાના અભાવે ત્યાંપહોંચવું મુશ્કેલ બને છે. ગામમાંનિશાળ છે, પરંતુ તે કાચા–પાકામકાનમાં શરૂ છે. શિક્ષકને પણકાચા રસ્તે અનેકવાર પગપાળા જવું પડે છે. બીમાર દર્દીઓથી લઈનેસગર્ભા મહિલાઓને દવાખાનેઉંચકીને લઈ જવાની ફરજ પડે છે.

કદવાલના ચૂલી ગામે દેવદિવાળીની પૂનમે સ્વામીનારાયણ મંદિરે મોટી સંખ્યામાં ભકતો દર્શન માટે પહોંચ્યા



છોટા ઉદેપુર,

દેવદિવાળીની પૂનમે કદવાલ તાલુકાના ચૂલી ગામે આવેલા સ્વામિનારાયણ મંદિર જુલીમાં મોટી સંખ્યામાં ભકતો દર્શન માટે પહોંચ્યા હતા. ભકતોએ ભગવાનનાં દર્શન કરી સુખ–દુઃખમાં પ્રાર્થના કરી હતી.

આદિવાસી વિસ્તારમાં આવેલું આ એકમાત્ર સ્વામિનારાયણ મંદિર છે. મંદિર વિશે કહેવાય છે કે, પ્રમુખસ્વામી મહારાજે તેની સ્થાપના કરી હતી. આ કારણે ભકતોમાં મંદિર પ્રત્યે આસ્થા છે.

નર્મદા પરિક્રમના યાત્રીઓ કવાંટ પહોંચતા નીલકંઠેશ્વર મંદિર રહેવા અને જમવાની વ્યવસ્થા કરાઈ



કવાંટ,

નર્મદા પરિક્રમા શરૂ થતાં કવાંટના પ્રાચીન નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે પરિક્રમાના યાત્રીઓ જોવા મળ્યા. યાત્રીઓ મંદિરમાં મહાદેવનાં દર્શન કરી રહ્યા છે.

નર્મદા પરિક્રમા આસો મહિનાના દશેરાથી અને દેવઉઠી અગિયારસથી શરૂ થાય છે. આ પરિક્રમા ૩,૫૦૦ કિલોમીટરથી વધુ લાંબી હોય છે. લોકો પગપાળા અથવા વાહનથી પરિક્રમા કરે છે.

પરિક્રમા ઓમકારેશ્વર અને અમરકંટકથી શરૂ થાય છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિતનાં રાજ્યોના લોકો તેમાં જોડાય છે. પરિક્રમાના રસ્તામાં કવાંટ પણ આવે છે.કવાંટના નીલકંઠેશ્વર મહાદેવ મંદિરે પરિક્રમાના યાત્રીઓ માટે આશ્રમ છે. અહીં તેમના રહેવા અને જમવાની વ્યવસ્થા કવાંટના ગ્રામજનો અને અવધૂત પરિવારનાં ભાઈ–બહેનો મળીને કરે છે. પરિક્રમાના યાત્રીઓની સેવા કરવાના ભાવ સાથે ગ્રામજનો આ વ્યવસ્થામાં જોડાયા છે.

છોટાઉદેપુર કલેકટર કચેરી ખાતે નાયબ મુખ્યમંત્રીના મુલાકાતને લઈ બેઠક યોજાઈ

બોડેલી,

છોટાઉદેપુર જીલ્લાના જેતપુર પાવી વિધાનસભા વિસ્તારમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની આગામી મુલાકાત માટે કલેક્ટર કચેરીમાં બેઠક યોજાઈ. મુલાકાતના આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ અંગે ચર્ચા થઈ.

પૂર્વ મંત્રી, ધારાસભ્ય અને પ્રદેશ આદિજાતિ મોરચાના અધ્યક્ષ ગણપતભાઈ વસાવાની હાજરીમાં યોજાયેલી બેઠકમાં જીલ્લા કલેક્ટર, રાજ્યસભાના સાંસદ મુકેશ રાઠવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લાના ધારાસભ્યો અને વિવિધ



વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા.

બેઠકમાં મુલાકાત દરમિયાન યોજાનારા કાર્યક્રમો, જરૂરી વ્યવસ્થાઓ, વિભાગો વચ્ચે સંકલન અને સોંપવામાં આવનારી જવાબદારીઓ અંગે ચર્ચા થઈ. વહીવટી તંત્ર મુલાકાત માટેની તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે.

પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર પ્રતાપનગર-છોટાઉદેપુર રૂટની મુલાકાતને લઈ તંત્રની તૈયારીઓ

સંખેડા,

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર આગામી મહિને પ્રતાપનગર–છોટાઉદેપુર –અલીરાજપુર રેલવે રૂટની મુલાકાત લે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. ઉચ્ચ અધિકારીની સંભવિત મુલાકાતને પગલે સ્થાનિક રેલવે તંત્ર હરકતમાં આવ્યું છે અને સમગ્ર રૂટ પર તૈયારીઓ તેજ કરી દેવાઈ છે.

મળતી માહિતી મુજબ, વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજરની સંભવિત ઈન્સ્પેકશન મુલાકાતને ધ્યાનમાં રાખીને પ્રતાપનગરથી લઈને છોટાઉદેપુર અને અલીરાજપુર સુધીના તમામ રેલવે સ્ટેશનો પર તંત્ર દ્વારા કામગીરીનો ધમધમાટ શરૂ કરાયો છે. સ્ટેશન પરિસરમાં સઘન સાફ–સફાઈ, રંગરોગાન, મુસાફરોની સુવિધાઓની ચકાસણી તેમજ રેલવે ટ્રેક અને સિગ્નલિંગ સિસ્ટમની જાળવણીના કામો ઝડપભેર હાથ ધરાયા છે.

પ્રતાપનગર–છોટાઉદેપુર– અલીરાજપુર રૂટ આદિવાસી વિસ્તાર અને મધ્યપ્રદેશને જોડતો અત્યંત મહત્વનો રેલવે માર્ગ છે. જનરલ મેનેજરની આ મુલાકાત દરમિયાન રેલવે સ્ટેશનો પરની પ્રાથમિક સુવિધાઓ, પેસેન્જર ટ્રેનોની ફ્રિક્વન્સી વધારવા તેમજ બાકી રહેલા વિકાસના કામોની સમીક્ષા થાય તેવી શક્યતા છે, જેને લઈને સ્થાનિક મુસાફરોમાં પણ આ રૂટ પર નવી સુવિધાઓ મળવાની આશા જાગી છે. સંભવતઃ ૪ ડિસેમ્બરે તેઓ આવે એવી શક્યતા સેવાઈ રહી છે. જોકે પીઆરઓએ હજી ફાઇનલ ન હોવાનું જણાવ્યું હતું.

સંતરામપુરમાં દબાણકર્તાઓને નગરપાલિકાનો સીધો પડકાર! ૩ દિવસમાં રસ્તા ખુલ્લા કરો, નહીં તો તંત્ર દબાણો તોડી ખર્ચ વસૂલશે

જાહેર રસ્તાઓ પરના દબાણો સામે નગરપાલિકાની જાહેર નોટિસ; ઓટલા, શેડ, કેબિન સહિતના અવરોધો સ્વેચ્છાએ દૂર કરવા અલ્ટીમેટમ.

સંતરામપુર,

સંતરામપુર નગરના જાહેર રસ્તાઓ પરના દબાણો અને રસ્તાઓ પર ઊભા થતા અવરોધોને લઈને હવે નગરપાલિકા તંત્રએ કડકાઈનો રસ્તો અપનાવ્યો છે. જાહેર રસ્તાઓ પર મનસ્વી રીતે ઊભા કરાયેલા કાચા–પાકા દબાણો દૂર કરવા નગરપાલિકા દ્વારા સંબંધિત દબાણકર્તાઓને જાહેર નોટિસ પાઠવી માત્ર ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ત્રણ દિવસમાં દબાણો સ્વેચ્છાએ દૂર નહીં થાય તો નગરપાલિકા તંત્ર દ્વારા દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અને કાર્યવાહીનો ખર્ચ પણ સંબંધિત દબાણકર્તાઓ પાસેથી વસૂલવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

નગરના જાહેર રસ્તાઓ પર ઓટલા, શેડ, કેબિન તેમજ અન્ય પ્રકારના કાચા–પાકા દબાણો ઊભા કરીને જાહેર અવરજવરને અવરોધવાની સ્થિતિ સામે નગરપાલિકા હવે સક્રિય બની છે. નગરપાલિકા દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં રસ્તા ઉપરના તમામ પ્રકારના દબાણો ત્રણ દિવસમાં દૂર કરવા જણાવાયું છે. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, ત્યારે દબાણકર્તાઓએ હવે નોટિસને ગંભીરતાથી લેવાનો સમય આવી ગયો છે.

નગરપાલિકાની જાહેર નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે નિર્ધારિત સમયમર્યાદામાં દબાણો દૂર કરવામાં નહીં આવે તો નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ હેઠળ દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. આ કામગીરી દરમિયાન થનારો ખર્ચ પણ દબાણકર્તાઓ પાસેથી વસૂલ કરવામાં આવશે. એટલે કે, હવે દબાણો જાળવી રાખીને તંત્રની સૂચનાને અવગણનારાઓ સામે કાયદેસરની કાર્યવાહીનો માર્ગ ખુલ્લો રહેશે.

સંતરામપુર નગરમાં જાહેર રસ્તાઓ ખુલ્લા રહે, નાગરિકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે અને રસ્તાઓ ઉપરના અવરોધો દૂર થાય તે દિશામાં નગરપાલિકા દ્વારા જાહેર નોટિસ આપવામાં આવી છે. નગરપાલિકા પ્રમુખ નિશાબેન મોદી અને નગરપાલિકા તંત્રની આ કાર્યવાહી હવે માત્ર નોટિસ પૂરતી સીમિત રહે છે કે ખરેખર દબાણો દૂર કરવાની મેદાની કામગીરી હાથ ધરાય છે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

ત્રણ દિવસનું અલ્ટીમેટમ પૂર્ણ થયા બાદ નગરના તમામ વિસ્તારોમાં દબાણો સામે સમાન અને નિષ્પક્ષ કાર્યવાહી થાય તેવી નગરજનોની અપેક્ષા છે. હવે નોટિસ બાદ તંત્રની કામગીરી જ તેની કડકાઈની સાચી કસોટી બની રહે

સંતરામપુર પંથકમાં વરસાદની અછતથી ઘાસ મોંઘા ભાવે બહારથી ખરીદવા પશુ પાલકો મજબુર

સંતરામપુર,

સંતરામપુર પંથકમાં આ વર્ષે વરસાદની અછત અને ઓછા વરસાદથી ખેતીની સાથે પશુપાલન ક્ષેત્રે પણ ખેડૂતોની મુશ્કેલીઓ વધતી જોવા મળી રહી છે. ચોમાસામાં પૂરતા પ્રમાણમાં ઘાસચારો ઉપલબ્ધ ન થતાં ખેડૂતો દ્વારા અત્યારથી જ પોતાના મૂંગા પશુઓ માટે ઘાસનો સંગ્રહ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ઘાસના ભાવમાં પણ વધારો થવા લાગ્યો છે અને હાલમાં ઘાસના એક જથ્થા માટે અંદાજે રૂા.૧૫૦નો ખર્ચ થતો હોય છે. ખેડૂતોના જણાવ્યાનુસાર, બે પશુઓના નિભાવ માટે દર મહિને ઓછામાં ઓછા ૧ ટ્રેક્ટર ઘાસની જરૂરિયાત રહેતી હોય છે.

આવી સ્થિતિમાં આખા વર્ષ દરમિયાન પશુઓને ઘાસ ખવડાવવા માટે મોટી માત્રામાં ઘાસની જરૂર પડે છે. સ્થાનિક વિસ્તારમાં ઘાસની ઉપલબ્ધતા ઓછી થતાં બહારથી ઘાસ ખરીદીને લાવવું પડે છે, જેના કારણે પશુપાલકોના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે.

ખેતીમાં વરસાદની અછતની અસર તો પાક પર જોવા મળી રહી છે, પરંતુ હવે તેની અસર પશુઓના નિભાવ પર પણ પડવાની સંભાવના છે. ખેડૂતો અત્યારથી ઘાસનો સંગ્રહ કરી રહ્યા છે જેથી આગામી મહિનાઓમાં અને ખાસ કરીને ચોમાસામાં મૂંગા પશુઓને ઘાસચારાની તંગીનો સામનો ન કરવો પડે.ઘાસના ભાવમાં સતત વધારો અને આખા વર્ષના ઘાસચારાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નાના ખેડૂતો અને પશુપાલકો માટે આ વખતે પશુઓનું પાલન વધુ ખર્ચાળ બનવાની ચિંતા ઊભી થઈ છે. જો વરસાદની સ્થિતિ અને સ્થાનિક ઘાસચારાની ઉપલબ્ધતા સુધરે નહીં તો આગામી સમયમાં પશુપાલકોને ઘાસ ખરીદવા માટે વધુ ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગોવિંદ ગુરુ લીમડીની કોર્ટમાં તા.ગોવિંદ ગુરુ લીમડી જી.દાહોદ

જન્મ નોંધણી અરજી નં ૩૩૪/૨૬/વશી/૧૦૪૩ થી ૧૦૪૫/૨૦૨૬ તા–૧૦/૦૮/૨૦૨૬

અરજદાર:– હહીલા ફરજનભાઈ ધીરાભાઈ રહે.પરથમપુર તા. ગોવિંદ ગુરુ લીમડી જી.દાહોદ

–:વિરુદ્ધ:–

સામાવાળા:–જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,પરથમપુર, તા. ગોવિંદ ગુરુ લીમડી, જિ.દાહોદ

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિતસંબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વિષયના અરજદાર શ્રી હહીલા ફરજનભાઈ ધીરાભાઈ રહે.પરથમપુર નાઓએ તેઓના પુત્રી નામે હહીલા કાજલબેન ફરજનભાઈનો જન્મ તા.૧૮/૦૨/૨૦૦૮ ના રોજ મોજે.પરથમપુર, તા.ગોવિંદ ગુરુ લીમડી, જિ.દાહોદ ખાતે થયેલ છે.જેની જન્મની નોંધ ગ્રામ પંચાયત પરથમપુર ખાતે કરવાની રહી ગયેલ છે તો આ કામના સામાવાળાના નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધા હરકત સરખું હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટ ખાતે હાજર રહેવા મુદત તા–૧૮/૦૮/ ૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે.તો વાંધો તકરાર સાથે હાજર રહેવું.અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.આજ તારીખ ૧૦ મી ઓગસ્ટ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કો કરી આપ્યો.

કોર્ટની મિલ્કત

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગોવિંદ ગુરુ લીમડી

આપની આજ.....

મેષ: આજે તમે તમારી ભાવનાઓને સારી રીતે વ્યક્ત કરી શકશો. આજે વિદ્યાર્થીઓ પોતાના માટે નવું પુસ્તક અથવા શિક્ષણ સંબંધિત કોઈપણ સામગ્રી ખરીદી શકે છે.

વૃષભ: આ દિવસે તમારી એકાગ્રતા ઘટી શકે છે, જેના કારણે કરિયર અને શિક્ષણ ક્ષેત્રે પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો કે પરિણીત લોકો માટે આજનો દિવસ સારો રહેશે, તમને તમારા જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: પોતાના ભોજનનું વિશેષ ધ્યાન રાખવું પડશે, નહીં તો પાચનતંત્ર પર ખરાબ અસર પડી શકે છે, જેના કારણે સ્વાસ્થ્ય બગડવાની સંભાવના છે. આ રાશિના વ્યાપારીઓ માટે આજનો દિવસ સારો રહેશે

કર્ક: ખૂબ જ સંવેદનશીલ અને બીજાની સંભાળ રાખનારા માનવામાં આવે છે, આજે આ ગુણોથી તમે તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરી શકો છો. કેટલાક લોકો આ દિવસે ઘર માટે કેટલીક ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ખરીદી શકે છે.

સિંહ: આજે ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલા રહેશે. તમારી તર્ક ક્ષમતા પણ આજે જબરદસ્ત રહેશે. જે લોકો નોકરી કરે છે, તેઓ આજે વરિષ્ઠોને પોતાની વાતથી પ્રભાવિત કરી શકે છે.

કન્યા: આ દિવસે તેમના જીવનસાથી તરફથી સારું સરપ્રાઈઝ મળી શકે છે અથવા તો તમે તેમને સરપ્રાઈઝ આપી શકો છો. આ રાશિના લોકોના પારિવારિક જીવનમાં સારા ફેરફારો જોવા મળશે.

તુલા: પારિવારિક જીવનમાં સુખદ અનુભવ કરાવશે. આજે તમે તમારા બાળકો અથવા પરિવારના સભ્યો માટે ભેટ ખરીદી શકો છો. આ રાશિના લોકો પણ આજે તેમની માતા સાથે સારો સમય વિતાવી શકે છે.

વૃશ્ચિક: આજે તમને ભાગ્યનો સાથ મળશે અને બગડતા કામો પણ થવા લાગશે. આજે તમે કાર્યસ્થળમાં ખૂબ વ્યસ્ત રહેશો, પરંતુ સારી વાત એ છે કે આજે તમે તમારા અટકેલા કામને પૂર્ણ કરવામાં સફળ થઈ શકો છો.

ધન: આ દિવસે, તમે એવા લોકો સાથે સમય પસાર કરવાનું પસંદ કરશો જેઓ મનની શાંતિ માટે તેમના શબ્દો બોલવા કરતાં તમારા શબ્દો સાંભળવા વધુ પસંદ કરે છે.

મકર: આજે ઓનલાઈન ખરીદી કરીને ઘરના લોકો માટે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકો છો. આ રાશિના લોકોને કરિયરના ક્ષેત્રમાં પણ ફાયદો થશે.

કુંભ: આજે ગ્રહોની સ્થિતિ તમને થોડી મૂંઝવણ આપી શકે છે, પરંતુ બારમા ભાવમાં ચંદ્રની હાજરીને કારણે તમે યોગ-ધ્યાન અથવા ઘરના કોઈ વરિષ્ઠ વ્યક્તિ સાથે વાત કરીને દરેક સમસ્યાનો ઉકેલ મેળવી શકો છો.

મીન: આજે લાભ થઈ શકે છે. આ રાશિના જે લોકો પોતાનો બિઝનેસ કરે છે તેમને સારો ફાયદો થવાની સંભાવના છે. પારિવારિક જીવનમાં પણ તમને સારા પરિણામ મળશે

દાહોદ જીલ્લાના ફતેપુરાના કરોડિયા પૂર્વમાં 3 મહિનાથી જળસંકટઃ તંત્ર અને સરપંચ સામે ઠાલા વચનો, ડીઝલના બહાને ટેન્કર બંધ કર્યાનો આક્ષેપ; ૨ દિવસમાં ઉકેલ નહીં આવે તો પંચાયતના ઘેરાવ અને ભૂખ હડતાળની ચીમકી

રોડના કામકાજ બાદ પાણી બંધ થતાં IRC કોલોની (વોર્ડ નં. ૪) ના રહીશોમાં ભારે આક્રોશ; મહિલાઓ અને બાળકીઓએ ખાલી વાસણો સાથે વિરોધ નોંધાવી તંત્રને જગાડવા પ્રયાસ કર્યો.



દાહોદ,

ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વ ગ્રામ પંચાયત હેઠળ આવતી IRC કોલોની (વોર્ડ નંબર ૪) ના રહીશો છેલ્લા ત્રણ મહિનાથી પીવાના પાણીના ગંભીર સંકટ સામે ઝઝૂમી રહ્યા છે. વારંવારની રજૂઆતો, અરજીઓ અને ચર્ચાઓ છતાં સ્થાનિક તંત્ર અને ગ્રામ પંચાયત દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતા હવે ગ્રામજનોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. પાણીની અછતને કારણે સ્થાનિક પરિવારોમાં ભારે રોષ ફેલાયો છે અને તંત્રની ઉદાસીનતા સામે સવાલો ઊઠી રહ્યા છે.

સ્થાનિક રહીશોના દાવા મુજબ, વિસ્તારમાં રોડનું કામકાજ શરૂ થયા બાદ અચાનક નળમાં આવતું પાણી બંધ થઈ ગયું હતું. ત્યારથી લઈને આજદિન સુધી એટલે કે ત્રણ મહિના કરતાં વધુ સમયથી વોર્ડ નંબર ૪ ના રહીશો પાણીના એક-એક ટીપા માટે વલખાં મારી રહ્યા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે પાઈપલાઈન રિપેરિંગના નામે ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્ર દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી માત્ર "આજે થશે, કાલે થશે" જેવા ઠાલા વચનો આપીને સમય પસાર કરવામાં આવી રહ્યો છે, પરંતુ જમીની સ્તરે કોઈ કામગીરી થતી નથી.

આ મામલે સ્થાનિક મહિલાઓએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે ગ્રામજનોની સતત રજૂઆતો બાદ માંડ એક જ દિવસ પાણીનું ટેન્કર મોકલવામાં આવ્યું હતું. ત્યારબાદ ડીઝલના પૈસા ન હોવાનું કારણ આગળ ધરીને પાણીના ટેન્કરની સુવિધા પણ બંધ કરી દેવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, હાલ પરિસ્થિતિ અત્યંત દયનીય બની છે; લોકોને પીવા તેમજ સ્નાન જેવી પ્રાથમિક જરૂરિયાતો માટે પણ પાણી મળતું નથી. રોજિંદી મજૂરી અને રોજગારી છોડીને મહિલાઓ અને પરિવારજનોને દૂર-દૂરથી પાણી માટે ભટકવું પડી રહ્યું છે.

પાણીની તંગીથી ત્રસ્ત વોર્ડ નંબર ૪ ની મહિલાઓ અને બાળકીઓએ હાથમાં ખાલી તપેલાં, હાંડા અને માટલાં ઊંચા કરીને તંત્ર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. વિસ્તારમાં એવી પણ ચર્ચા અને આરોપ થઈ રહ્યા છે કે મત માગવા સમયે ઘરે-ઘરે આવતા નેતાઓ અને પંચાયતના સત્તાધીશો હાલ મુશ્કેલીના સમયે ગ્રામજનોની વેદના સાંભળવા કે સમસ્યા ઉકેલવા માટે આગળ આવતા નથી.

સ્થાનિક રહીશો સલીમભાઈ ગનીભાઈ ગુડાલા અને સહીરાબેન, સેનાજબેન સહિતના ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી ૨ દિવસમાં પાણીની સમસ્યાનો કાયમી અને સંતોષકારક નિકાલ લાવવામાં નહીં આવે, તો ઈચ્છી કોલોનીના તમામ મહિલાઓ અને પુરૂષો એકત્ર થઈને ગ્રામ પંચાયત કચેરીનો ઘેરાવ કરશે અને ધરણા તેમજ ભૂખ હડતાળ પર ઉતરશે. આંદોલન દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્ર અને જવાબદાર અધિકારીઓ-પદાધિકારીઓની રહેશે તેવી કડક ચેતવણી પણ આપવામાં આવી છે.

હવે જોવાનું એ રહ્યું કે ગ્રામજનોના વધતા આક્રોશ અને વિરોધના સૂર વચ્ચે કરોડિયા ગ્રામ પંચાયત અને જવાબદાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને વોર્ડ નંબર ૪ ના રહીશોને તાત્કાલિક પાણીની સુવિધા પૂરી પાડે છે કે કેમ તેના પર સૌની નજર.

દે.બારીયામાં બાલમંદિરના ભુલકા માટે રમવા માટેની જમીન પાલિકા પ્રમુખે ૧૭ દુકાનો બનાવી દેવાનો મામલો પ્રાદેશિક કમિશ્નરમાં રજુઆત

દાહોદ,

પાંચેક વર્ષ અગાઉ દેવગઢબારિયા નગરમાં બાલમંદિરના ભૂલકાઓ ના રમવા માટેની સર્વે નંબર વાળી જમીનમાં હેતુફેર કર્યા વગર મનસ્વી રીતે, પોતાના હોદ્દાનો દૂર ઉપયોગ કરી જે તે સમયના નગરપાલિકા પ્રમુખે રૂપિયા ૪૫.૯૧ લાખ જેટલો માતબર ખર્ચ કરી ૧૭ જેટલી દુકાનો બનાવી દેતા તે સમયેજ દેવગઢબારિયા નગરના એક જાગૃત નાગરિકે જે તે સમયના પાલિકા પ્રમુખની ગેરકાયદે કામગીરીને પડકારી હા મામલે પ્રાદેશિક કમિશનર વડોદરા ની દેખીતમાં રજૂઆત કરી યોગ્ય પગલાં લેવાની માગણી કરી હતી. પરંતુ તે સ્તરેથી આજ દિન સુધી કોઈ પગલાં લેવામાં ન આવતા બાળકોના પ્લેગ્રાઉન્ડ માટેની અનામત જમીન પર બનાવવામાં આવેલ ૧૭ દુકાનોની નગરમાં વહેતી થયેલી હરાજીની ચર્ચાઓ વચ્ચે સદર દુકાનોના મામલે કાયદેસરની તપાસ કરવા તાજેતરમાં દેવગઢબારિયા કોંગ્રેસ સમિતિ દ્વારા દેવગઢ બારીયા નગરપાલિકાના ચીફ ઓફિસરને પંદરેક દિવસ અગાઉ એટલે કે તારીખ ૫-૧૧-૨૦૨૬ ના રોજ લેખિત રજૂઆત કરી હતી.

ભૂતકાળમાં પણ દેવગઢબારિયા નગરપાલિકાના જે તે સમયના સદસ્યોએ એક બિલ્ડર સાથે મળી સરકારી જમીનમાં ૬૪ દુકાનોવાળું શોપિંગ સેન્ટર ખડું કરી દીધું હતું. તે શોપિંગ સેન્ટરના બાંધકામને પણ દેવગઢ બારીયા નગરના એક જાગૃત નાગરિક દ્વારા પડકારવામાં આવ્યું હતું. અને તે અંગે રાજ્યના ઉચ્ચ સ્તર સુધી રજૂઆતો કરવામાં આવી હતી. જેના પગલે તે શોપિંગ સેન્ટરને જે તે સમયના જીલ્લા કલેકટરના હુકમથી જે તે સમયના મામલતદાર દ્વારા સીલ મારવામાં આવ્યું હતું. જે સીલ આજે પણ યથાવત છે. અને તે જાગૃત નાગરિક દ્વારા આ ૬૪ દુકાનો વાળુ ગેરકાયદેસર શોપિંગ સેન્ટર સરકારી જમીનમાંથી દૂર કરવા હજી એ લડત ચાલુ રાખવામાં આવી છે. હજી આ લડત ચાલુ છે, ત્યાં તો દેવગઢ બારીયા નગરમાં બાલમંદિરના વિદ્યાર્થીઓના રમવા માટેના પ્લે ગ્રાઉન્ડમાં જે તે સમયના નગરપાલિકા પ્રમુખે પોતાના હોદ્દા નો દુરૂપયોગ કરી હેતુ ફેર કર્યા વગર મનસ્વી રીતે ૧૭ જેટલી દુકાનો બનાવી દેતા આ મામલો હાલ દેવગઢ બારીયા નગરમાં પુનઃ ગરમાયો છે. અને દેવગઢબારિયા કોંગ્રેસ સમિતિ દ્વારા આ અંગે કેટલાક વાંધાઓ રજૂ કરી ૧૭ જેટલી સદર દુકાનોની હરાજીની વહેતી થયેલી ચર્ચાઓ બાબત જાહેર હિતની જમીનના મૂળ હેતુ અને નગરપાલિકાના વહીવટી નિયમોની દ્રષ્ટિએ ગંભીર તપાસ માગી લે છે. જેથી આ બાબતને ખૂબ જ ગંભીરતાથી ધ્યાને લઈ જરૂરી કાયદેસરના પગલાં લેવા ચીફ ઓફિસરને જણાવાયું છે. ત્યારે દેવગઢબારિયા નગરપાલિકાના ચીફ ઓફિસર આ મામલે કેવું વલણ અપનાવે છે તે હવે જોવું રહ્યું !!!!!

ધાનપુર અને દેવગઢ બારિયા તાલુકાની રેઢાણા, સીમામોઈ અને ભાણપુર ગ્રામ પંચાયતોના સરપંચોને હોદ્દા પરથી દૂર કરવાનો જીલ્લા વિકાસ અધિકારીનો હુકમ

મનરેગા સહિતના વિકાસલક્ષી કામોમાં ગેરરીતિ, નાણાકીય અનિયમિતતા અને હોદ્દાના દુરૂપયોગ સામે વહીવટી તંત્રની કડક કાર્યવાહી.

દાહોદ,

દાહોદ જીલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા) સહિત ગ્રામ પંચાયત હેઠળ હાથ ધરવામાં આવતી વિકાસલક્ષી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત દેવગઢ બારિયા અને ધાનપુર તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોના સરપંચો સામે થયેલી તપાસ, ઉપલબ્ધ દસ્તાવેજો, રૂજૂ થયેલ જવાબો અને સુનાવણી દરમિયાન થયેલી રજૂઆતોને ધ્યાને લઈ જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ તા. ૨૩ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મહત્વપૂર્ણ હુકમો કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી અંતર્ગત દેવગઢ બારિયા તાલુકાની રેઢાણા ગ્રામ પંચાયતના સરપંચ અશ્વિનભાઇ કેશાભાઈ કોળી, ધાનપુર તાલુકાની સીમામોઈ ગ્રામ પંચાયતનાં સરપંચ શારદાબેન પરવતસિંહ રાઠોડ તથા ધાનપુર તાલુકાની ભાણપુર ગ્રામ પંચાયતના સરપંચ જામસિંહ દીતાભાઈ પરમાર સામે હોદ્દાની ફરજોના નિર્વહનમાં નિષ્કાળજી, ગેરરીતિઓ અને હોદ્દાના દુરૂપયોગ અંગેની તપાસના આધારે હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

તપાસ દરમિયાન ગ્રામ પંચાયતોમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મનરેગા યોજના હેઠળ મંજૂર થયેલાં કામો, કામની વાસ્તવિક સ્થિતિ, સ્થળ તપાસ, રેકર્ડની જાળવણી, મસ્ટરરોલ, માપણી અને નાણાકીય વ્યવહારો સહિતના વિવિધ પાસાઓની ચકાસણી કરવામાં આવી હતી.

રેઢાણા ગ્રામ પંચાયતના કેસમાં તપાસ દરમિયાન વિવિધ રસ્તાનાં કામો સહિત કુલ ૩૯ કામોની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. સીમામોઈ ગ્રામ પંચાયતના કેસમાં ૪૮ કામો તથા ભાણપુર ગ્રામ પંચાયતના કેસમાં ૧૯ કામોની વિગતો અને તેની વાસ્તવિક સ્થિતિની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન મંજૂર થયેલાં કામો અને સ્થળ પરની સ્થિતિ વચ્ચેની વિસંગતતાઓ, અધૂરી કામગીરી, દસ્તાવેજી ખામીઓ તથા યોજનાના નિયમોના પાલન અંગે ગંભીર બાબતો ધ્યાને આવી હતી. ત્રણેય કેસમાં સંબંધિત સરપંચોને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ વારંવાર સુનાવણીની તક આપવામાં આવી હતી.



તેમ છતાં રજૂ થયેલા જવાબો અને ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે સત્તાની ફરજોના નિર્વહનમાં ગંભીર નિષ્કાળજી તથા હોદ્દાના દુરૂપયોગની બાબતો સામે આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા કરવામાં આવેલા આ હુકમોનો તાત્કાલિક અમલ કરવા સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. સાથે જ સંબંધિત મામલતદાર, પ્રાંત અધિકારી તથા અન્ય સક્ષમ અધિકારીઓને પણ હુકમની જાણ કરી જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સરકારી યોજનાઓના અમલીકરણમાં નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને જવાબદારી જાળવવી અનિવાર્ય છે. જાહેર નાણાંનો દુરૂપયોગ, વિકાસકામોમાં ગેરરીતિ કે સોંપાયેલી જવાબદારીના નિર્વહનમાં બેદરકારી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચે અને વિકાસકામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે આવી તપાસ અને કાર્યવાહી આગળ પણ સતત ચાલુ રહેશે.

દાહોદના ગોદી રોડ નજીક ૭૬ વર્ષીય વૃધ્ધ વેપારીને સાઈબર ફ્રોડમાં ૯ લાખ ગુમાવાત ફરિયાદ

દાહોદ,

ગત મહિને દાહોદના મિશન હોસ્પિટલ નજીક ગોદી રોડ પર બનેલ સાઈબર ફ્રોડની પ્રકાશમાં આવેલી ઘટનામાં રિટાયર્ડ પેન્શન કાર્ડ મેળવવાની લાલચમાં દાહોદ મિશન હોસ્પિટલ નજીક ગોદી રોડ પર રહેતા ૭૬ વર્ષીય એક વૃદ્ધ વેપારીએ રૂપિયા ૯ લાખ જેટલી માતબર રકમ ગુમાવતા આ સંબંધે દાહોદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ નજીક ગોદી રોડ પર આવેલ પર કોમ્પ્લેક્ષમા રહેતા ૭૬ વર્ષીય શબ્બીરભાઈ અબ્દુલહુસેન જાંબુઘોડાવાલાના મોબાઈલ ફોનમાં મોબાઈલ નંબર ૯૮૮૩૯ ૮૫૫૮૭ નંબર પરથી તારીખ ૧-૧૦-૨૦૨૬ ના રોજ ફોન આવ્યો હતો. અને એ.યુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક માંથી વાત કરૂં છું. તેવી ખોટી ઓળખ આપી રિટાયર્ડ પેન્શન કાર્ડ આપવાની લાલચ આપી શબ્બીરભાઈ જાંબુઘોડાવાલાના whatsapp માં "એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક રીટાયર્ડ પેન્શન કાર્ડ એપ્લાય"નામની એપીકે ફાઇલ મોકલી તેમાં તેમની વિગતો જેવી કે, નામ, મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ નંબર અને એ.યુ. સ્મોલ ફાઇનાન્સ બેંકની મોબાઈલ એપનો MPIN તથા ડેબિટ કાર્ડ તેમજ ડેબિટ કાર્ડ એક્સપાયરી ડેટ જેવી વિગતો ભરાવડાવી શબ્બીરભાઈ જાંબુઘોડાવાલાના એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક કરંટ એકાઉન્ટ ન બ ૨ - ૨૩૨૧૨૧૫૮૪૬૨૦૬૬૧૩ માંથી અલગ અલગ સમયે રૂપિયા ૧,૧૫,૦૦૦/-,૫૦,૦૦૦/-, ૨,૫૦,૦૦૦, ૨,૦૦,૦૦૦/- તથા ૨,૫૦,૦૦૦/-તથા એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્ક સેવિંગ એકાઉન્ટ નંબર-૨૪૦૧૨૧૫૮ ૫૮૩૩૪૨૩૯ માંથી રૂપિયા ૩૫,૦૦૦/-મળી કુલ રૂપિયા ૯,૦૦,૦૦૦/-(નવ લાખ) જેટલી માતબર રકમ પડાવી લઈ રિટાયર્ડ પેન્શન કાર્ડ નહીં આપી છેતરપિંડી વિશ્વાસઘાત કર્યો. આ સંબંધે સાયબર ફ્રોડનો ભોગ બનેલ શબ્બીરભાઈ અબ્દુલહુસેન જાંબુઘોડા વાલાએ દાહોદના સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઇમ પોલીસે આ મામલે ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩ ની કલમ ૩૧૬(૪),૩૧૮(૪),૩૧૯(૨),૬૧(૨)(એ) તથા આઈ.ટી એક્ટ કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુનો નોંધી સાઇબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દાહોદના પોલીસ ઇન્સ્પેક્ટર કે એસ ગોહિલે આગળ વધુ તપાસ હાથ ધરી છે.

માતા-પિતાની પ્રેરણા અને દિવ્ય આશીર્વાદ સાથે ઝાલોદમાં ગુરૂનાનક જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી

સમસ્ત ધારવાળા મેરવાણી પરિવાર દ્વારા માતા-પિતાના સ્મરણાર્થે ભજન-કીર્તન અને મહાપ્રસાદનું આયોજન, પરિવારજનો, સમાજ અને મિત્રવર્તુળે ઉત્સાહભેર ભાગ લીધો.

ઝાલોદ,

ઝાલોદ નગરમાં ગુરૂનાનક જયંતીના પાવન અવસરે સમસ્ત ધારવાળા મેરવાણી પરિવાર દ્વારા માતા-પિતાની પ્રેરણા, તેમના દિવ્ય આશીર્વાદ અને પવિત્ર સ્મૃતિને હૃદયમાં રાખી ભક્તિભાવપૂર્વક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૬ના મંગળવારના રોજ બસ સ્ટેશન પાસે આવેલી ઇન્દ્રપ્રસ્થ સોસાયટી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ભજન-કીર્તન અને મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

માતા-પિતાના સંસ્કાર, તેમની પ્રેરણા અને તેમના આશીર્વાદ જીવનમાં હંમેશાં માર્ગદર્શક બની રહે છે. માતા-પિતાના સ્મરણાર્થે યોજાયેલા આ ધાર્મિક પ્રસંગમાં પરિવારજનોએ શ્રદ્ધા અને ભાવનાપૂર્વક ભાગ લઈ તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. માતા-પિતાના દિવ્ય આશીર્વાદ સાથે દર વર્ષે ગુરૂનાનક જયંતીના પવિત્ર અવસરે ધાર્મિક ઉજવણી કરવાની પરંપરાને આ વર્ષે પણ ઉત્સાહપૂર્વક આગળ ધપાવવામાં આવી હતી.

કાર્યક્રમમાં સાંજે ૫ કલાકથી ભજન-કીર્તનનો પ્રારંભ થયો હતો. ભક્તિરસથી ભરપૂર ભજનોના ગુંજારવથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક અને આનંદમય બની ગયું હતું. ત્યારબાદ સાંજે ૬ કલાકથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરિવારજનો, સિંધી સમાજના સભ્યો, સગાં-સંબંધીઓ, મિત્રો તેમજ ઝાલોદ નગરના ભાવિક ભક્તજનોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ પ્રસંગે ગુરૂનાનક દેવજીના પ્રેમ, સેવા, માનવતા, સમાનતા અને ભાઈચારાના સંદેશને યાદ કરી સૌએ જીવનમાં સદભાવના અને પરોપકારની ભાવના જાળવી રાખવાનો સંદેશ આપ્યો હતો. માતા-પિતાના આશીર્વાદ, પરિવારની એકતા, સમાજનો સાથ અને મિત્રોના સ્નેહથી યોજાયેલા આવા ધાર્મિક આયોજનો નવી પેઢીમાં સંસ્કાર, શ્રદ્ધા અને સામાજીક એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

આમ, સમસ્ત ધારવાળા મેરવાણી પરિવાર દ્વારા માતા-પિતાના સ્મરણાર્થે અને તેમના દિવ્ય આશીર્વાદ સાથે યોજાયેલી ગુરૂનાનક જયંતીની ઉજવણી ભક્તિ, ભાવના, પરિવારિક એકતા અને સામાજીક સ્નેહનો સુંદર સંગમ બની રહી હતી.

ઝાલોદના પેથાપુરમાં પેશાબ કરવા બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું; યુવકને ચપ્પુના ઘા ઝીંકયા

નંબર પ્લેટ વગરની સફેદ સ્કોર્પિયોમાં આવેલા ચાર શખ્સોએ યુવક અને તેની પત્ની પર કર્યો હુમલો; પેટ અને છાતીના ભાગે ચપ્પુના ઘા વાગતાં યુવક ગંભીર રીતે ઘાયલ, ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ.

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના પેથાપુર ગામે ઘરની સામે પેશાબ કરવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ચાર શખ્સોએ એક યુવક પર હુમલો કરી ચપ્પુના ઘા ઝીંકી દેવાની ગંભીર ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની સફેદ સ્કોર્પિયો ગાડીમાં આવેલા ચાર શખ્સોએ યુવકને ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન વચ્ચે છોડાવવા પડેલી યુવકની પત્નીને પણ માર મારવામાં આવ્યો હતો. હુમલામાં યુવકને પેટ અને છાતીના ભાગે ચપ્પુના ઘા વાગતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ યુવક દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પ્રાપ્ત ફરિયાદની વિગતો મુજબ, પેથાપુર ગામના જૂની પેથાપુર ફળિયામાં રહેતા રાજુભાઈ ખુમસીંગભાઈ ડામોર ગત તા. ૨૨ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજના આશરે ૬:૪૦ વાગ્યે પોતાની પત્ની સાથે ઘરની આગળ બેઠા હતા. તે દરમિયાન ચાકલીયા તરફથી નંબર પ્લેટ વગરની સફેદ રંગની સ્કોર્પિયો ગાડી આવીને તેમના ઘરની સામે રોડ પર ઊભી રહી હતી. ગાડીમાંથી બે શખ્સો નીચે ઉતર્યા હતા, જેમાંથી એક શખ્સ ઘરની તરફ મોઢું રાખીને પેશાબ કરવા લાગ્યો હતો.

આ બાબતે રાજુભાઈએ તેને પોતાના ઘર અને બહાર બેઠેલી પત્નીનું ધ્યાન દોરતાં પેશાબ કરી રહેલો શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો બોલવા લાગ્યો હતો. તેણે પોતાનું નામ સ્મિત હિંમતભાઈ સંગોડ હોવાનું જણાવી પોતે શારદા ગામનો કિંગ હોવાનું કહી ધમકી આપી હતી. તેની સાથે રહેલા પરેશ ચરપોટ નામના શખ્સે પણ પોતે શારદા ગામનો દાદો હોવાનું કહી રાજુભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો.

દરમિયાન સ્કોર્પિયોમાંથી અન્ય બે શખ્સો પણ નીચે ઉતરી આવ્યા હતા. ચારેય શખ્સોએ ભેગા મળીને રાજુભાઈને ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ સમયે વચ્ચે છોડાવવા પડેલી તેમની પત્નીને પણ માર મારવામાં આવ્યો હતો. એક શખ્સે રાજુભાઈના શર્ટનો કોલર પકડી પોતાનું નામ વિનોદ નિનામા અને ખરોદા ગામનો રહેવાસી હોવાનું કહી ગાળો ભાંડી હતી, જ્યારે અન્ય એક શખ્સે પોતાનું નામ નગીન સંગોડ હોવાનું જણાવી પેટના ભાગે લાત મારી હતી.ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, ચારેય શખ્સો દ્વારા માર મારવામાં આવતાં રાજુભાઈએ મારવાનું કારણ પૂછ્યું હતું. આથી પરેશ અને સ્મિત વધુ ઉશ્કેરાઈ ગયા હતા. પરેશે રાજુભાઈને પકડી રાખ્યા હતા, જ્યારે સ્મિતે પોતાના પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી 'તું મને પેશાબ કરતો રોકવાવાળો કોણ?' અને 'આજે તો તને જીવતો છોડવો નથી' કહી જીવલેણ હુમલો કર્યો હતો. તેણે રાજુભાઈના પેટ અને છાતીના ભાગે ચપ્પુના ઘા ઝીંકતાં લોહીલુહાણ હાલતમાં રાજુભાઈ જમીન પર ઢળી પડ્યા હતા.બૂમાબૂમ થતાં રાજુભાઈના ભાઈઓ ક્મલેશભાઈ અને નિલેશભાઈ તેમજ માતા ચંપાબેન ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ દરમિયાન હુમલાખોરો નંબર પ્લેટ વગરની સફેદ સ્કોર્પિયો ગાડીમાં બેસી લીમડી તરફ ફરાર થઈ ગયા હતા.



હુમલામાં ગંભીર રીતે ઘાયલ રાજુભાઈ બેભાન થઈ જતાં પરિવારજનો તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે લીમડી સરકારી દવાખાને લઈ ગયા હતા. ત્યાંથી દાહોદની સમીર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ઘરની સામે પેશાબ કરવા જેવી બાબતે શરૂ થયેલી બોલાચાલીમાં ચાર શખ્સો દ્વારા યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવતાં પેથાપુર પંથકમાં ચકચાર મચી છે. ફરિયાદના આધારે હુમલામાં સંડોવાયેલા ચારેય શખ્સો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી અને સમગ્ર ઘટનાની તપાસ થાય તેવી ફરિયાદીએ માંગ કરી છે.

દાહોદ જીલ્લામાં મનરેગા સહિતના વિકાસના કામો પારદર્શીત અને જવાબદારી સુનિશ્ચિત કરવા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી

દાહોદ,

દાહોદ જીલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા) સહિત ગ્રામ પંચાયત હેઠળ હાથ ધરવામાં આવતી વિકાસલક્ષી કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાની ત્રણ ગ્રામ પંચાયતોના સરપંચો સામે થયેલી તપાસ, ઉપલબ્ધ દસ્તાવેજો, રજૂ થયેલા જવાબો અને સુનાવણી દરમિયાન થયેલી રજૂઆતોને ધ્યાને લઈ જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭(૧) હેઠળ તારીખ ૨૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ મહત્ત્વપૂર્ણ હુકમો કરવામાં આવતાં જીલ્લામાં ગેરરીતિ આચરતા સરપંચો, અધિકારીઓ સહિતના તત્વોમાં ભય સહિતનો ફફડાટ ફેલાવવા પામ્યો છે.

આ કાર્યવાહી અંતર્ગત દેવગઢબારિયા તાલુકાની રેઢાણા ગ્રામ પંચાયતના સરપંચ અશ્વિનભાઈ કેશાભાઈ કોળી, ધાનપુર તાલુકાની સીમામોઈ ગ્રામ પંચાયતના સરપંચ શારદાબેન પરવતસિંહ રાઠોડ તથા ધાનપુર તાલુકા ની ભાણપુર ગ્રામ પંચાયતના સરપંચ જામસિંહ દીતાભાઈ પરમાર સામે હોદ્દાની ફરજોના નિર્વહનમાં નિષ્કાળજી, ગેરરીતિઓ અને હોદ્દાના દુરૂપયોગ અંગેની તપાસના આધારે હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ દરમિયાન ગ્રામ પંચાયતોમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મનરેગા યોજના હેઠળ મંજૂર થયેલા કામો, કામની વાસ્તવિક સ્થિતિ, સ્થળ તપાસ, રેકર્ડની જાળવણી, મસ્ટરરોલ, માપણી અને નાણાકીય વ્યવહારો સહિતના વિવિધ પાસાઓની તટસ્થ અને તલસ્પર્શી ચકાસણી કરવામાં આવી હતી.



રેઢાણા ગ્રામ પંચાયતના કેસમાં તપાસ દરમિયાન વિવિધ રસ્તાઓના કામો સહિત કુલ ૩૯ કામોની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. સીમામોઈ ગ્રામ પંચાયતના કેસમાં ૪૮ કામો તથા ભાણપુર ગ્રામ પંચાયતોના કેસમાં ૧૯ કામોની વિગતો અને તેની વાસ્તવિક સ્થિતિની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મંજૂર થયેલા કામો અને સ્થળ પરની સ્થિતિ વચ્ચે વિસંગતતા ઓ, અધુરી કામગીરી, દસ્તાવેજી ખામીઓ તથા યોજનાના નિયમોના પાલન અંગેની ગંભીર બાબતો ધ્યાને આવી હતી. ત્રણેય કેસમાં સંબંધિત સરપંચોને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ વારંવાર સુનામીની તક પણ આપવામાં આવી હતી. તેમ છતાં રજૂ થયેલા જવાબો અને ઉપલબ્ધ દસ્તાવેજો ના આધારે સત્તાની ફરજોના નિર્વહનમાં ગંભીર નિષ્કાળજી તથા પોતાના દુરૂપયોગની બાબતો સામે આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જીલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા ફરમાવવામાં આવેલા આ હુકમોનો તાત્કાલિક અમલ કરવા સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. સાથે જ સંબંધિત મામલતદાર, પ્રાંતઅધિકારી તથા અન્ય સક્ષમ અધિકારીઓને પણ હુકમની જાણ કરી જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.

જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સરકારી યોજનાઓના અમલીકરણમાં નાણાકીય શિસ્ત, પારદર્શિતા અને જવાબદારી જાળવવી અનિવાર્ય છે. જાહેર નાણાંનો દૂરૂપયોગ, વિકાસના કામોમાં ગેરરીતિ કે સોપાયેલી જવાબદારીના નિર્વહનમાં બેદરકારી કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચે અને વિકાસ કામોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે આ

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

શહેરાના ગુરૂનાનક મંદિર ખાતે દેવ દિવાળી અને ગુરૂનાનક જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ

શહેરા,

શહેરા નગરની સિંધી સોસાયટી સ્થિત ગુરૂનાનક મંદિર ખાતે દેવ દિવાળી અને ગુરૂનાનક જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. પ્રભાત ફેરી, પોથી યાત્રા, ભજન-કીર્તન, કથા અને ભંડારા સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.



પંચમહાલ જીલ્લામાં દેવ દિવાળી અને ગુરૂનાનક જયંતિના પર્વની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. શહેરા નગરના સિંધી સોસાયટી ખાતે સ્થિત ગુરૂનાનક મંદિરમાં ગુરૂનાનક જયંતિ નિમિત્તે વિશેષ સત્સંગ અને ભજન-કીર્તનના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. વહેલી સવારે પાંચ વાગ્યાથી પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ જયકારાના નાદ સાથે સમગ્ર નગરમાં ગુરૂનાનક દેવની પોથી યાત્રા કાઢી હતી. છેલ્લા કેટલાક દિવસોથી મંદિર પરિસરમાં સવારથી પ્રભાત ફેરી, દિવસ દરમિયાન ભજન-કીર્તન અને સાંજે પૂજા-પાઠ તથા ગુરૂ દરબારમાં ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા હોવાથી સમગ્ર વિસ્તારમાં ઉત્સવ અને મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો.આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્યના બોમ્બે ઉલ્હાસનગરથી પધારેલા દાદા રમેશ દયારામાણીએ ઉપસ્થિત ભક્તોને ગુરૂનાનક જયંતિના મહત્વ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી અને કથાનું રસપાન કરાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ગુરૂનાનક દેવ સહિતના ગુરૂઓની પરંપરા સેવા અને ધર્મરક્ષાના સંદેશને ઉજાગર કરવામાં આવ્યો હતો.વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે મંદિર ખાતે પહોંચ્યા હતા અને ગુરૂનાનક ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં સિંધી સમાજના ભાઈઓ-બહેનો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ભક્તિરસનો લ્હાવો લીધો હતો. કાર્યક્રમના અંતે મંદિર ખાતે ભંડારાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ ભક્તોએ પ્રસાદનો લ્હાવો લીધો હતો. સમગ્ર ભક્તિમય આયોજનને સફળ બનાવવા માટે લાડી લોહાણા સમાજના રાષ્ટ્રીય પ્રમુખ રૂપચંદ સેવકાણી,સિંધી સમાજના અગ્રણી મહેશ ભાઈ સહિત મંદિરના સેવાધારી સેવકો અને ગુરૂનાનકના ભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગોધરાના ભગવતનગર સોસાયટીના આકસ્મિક આગ લાગતા ફાયર ફાયટરોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો

આગ લાગી તે મકાનમાં ૪ ગેસના બોટલ હતા. આગ બોટલ સુધી પહોંચે તે પહેલા આગ પર કાબુ મેળવ્યો.

ગોધરા,

ગોધરા શહેરના ભગવત નગર સોસાયટીના મકાન નં.૭૦માં કોઈ કારણોસર આગ લાગીહતી. મકાન માંથી ધુમાડા અને આગની જવાળાઓ નિકળતા આસપાસના રહિશોએ ફાયર બ્રિગેડને જાણ કરી હત.ી ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવી મોટી હોનારત સર્જાય તે પહેલા આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

ગોધરા શહેર ભગવતનગર સોસાયટીના મકાન નં.૭૦માં બપોરના સમયે કોઈ કારણોસર આગ લાગી હતી. મકાનમાં લાગેલ આગથી ધુમાડાના ગોટેગોટા અને આગ જવાઓ દેખીને આસપાસના રહીશો દોડી આવ્યા હતા અને ગોધરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગ લાગી તે મકાનમાં ૪ ગેસના બોટલ પડેલ હતા પરંતુ આગ ગેસના બોટલ સુધી પહોંચે તે પહેલા ફાયર



ફાયટરોએ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ પર કાબુ મેળવતા આસપાસના રહીશોએ હાશકારો મેળવ્યો હતો. મકાનમાં આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોય શકે છે. ચોકકસ કારણ જાણી શકાયું ન હતું.

મોરવા હડફના સુલીયાત વિસ્તારમાં ધારાસભ્યના હસ્તે ૩.૨.૦૮ કરોડના ખર્ચે બે માર્ગ વિકાસકામોનું ખાતમુહૂર્ત

શહેરા,

મોરવા હડફના સુલીયાત વિસ્તારમાં ધારાસભ્ય નિમિષાબેન સુથારના હસ્તે કુલ અંદાજે રૂ. ૨.૦૮ કરોડના ખર્ચે બોક્સ કલ્વર્ટ અને રસ્તાના રીસરફેસિંગ સહિતના બે માર્ગ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



મોરવા હડફ તાલુકાના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ બને તેમજ ગ્રામજનો , ખેડૂતો અને શાળાએ જતા વિદ્યાર્થીઓને બારેમાસ સુગમ અને સલામત પરિવહન મળી રહે તેવા ઉમદા હેતુથી સુલીયાત વિસ્તારમાં કુલ અંદાજે રૂ. ૨.૦૮ કરોડના ખર્ચે બે મહત્વપૂર્ણ માર્ગ-મકાન વિકાસકામોનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય નિમિષાબેન સુથારના હસ્તે આ વિકાસકામોનો શુભારંભ કરવામાં આવ્યો હતો.સુલીયાત સિંચાઈ પાકા રસ્તાથી ડાંગી ફળિયા પ્રાથમિક શાળા રોડ પર અંદાજે રૂ. ૧.૦૮ કરોડના ખર્ચે બોક્સ કલ્વર્ટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલ અને માર્ગ પર પાણી ભરાવાની સમસ્યાના કારણે અવરજવરમાં પડતી મુશ્કેલીઓ આ બોક્સ કલ્વર્ટ બનવાથી નિવારી શકાશે ખાસ કરીને ડાંગી ફળિયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો તેમજ ગ્રામજનો માટે આ માર્ગ વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બનનાર છે.આ ઉપરાંત, સુલીયાતથી થાણા ફળિયાને જોડતા માર્ગ પર અંદાજે રૂ. ૧ કરોડના ખર્ચે રીસરફેસિંગની કામગીરી કરવામાં આવશે જેનાથી લાંબા સમયથી ઉપયોગમાં લેવાતા આ માર્ગની સપાટી સુધરવાથી વાહનચાલકોને રાહત મળશે તો નવાઈ નહી.

ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનો અને આગેવાનોને સંબોધતા ધારાસભ્ય નિમિષાબેન સુથારે જણાવ્યું હતું કે, ગ્રામીણ કક્ષાએ પાકા રસ્તા અને બોક્સ કલ્વર્ટ જેવી સુવિધાઓ સ્થાનિક અર્થતંત્ર અને સામાજીક જોડાણ માટે અત્યંત મહત્વની છે. નિર્ધારિત સમયમર્યાદામાં અને ગુણવત્તાયુક્ત કામગીરી પૂર્ણ થાય તે અંગે સંબંધિત તંત્રને સૂચના આપવામાં આવી હતી.

કાલોલના મોટી પીંગળી ગામે ૧૦ વર્ષીય બાળકીને વાંદરાએ બચકા ભરતા સારવાર માટે સિવિલમાં ખસેડાઈ



કાલોલ,

પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાના મોટી પીંગળી ગામે વાંદરાએ ઘરઆંગણે રમતી ૧૦ વર્ષની બાળકી પર હુમલો કર્યો હતો. વાંદરાએ બાળકીના પગે બચકાં ભરતાં તેને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકીને તાત્કાલિક સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં લઈ જવામાં આવી હતી.

પરિવારજનો દોડી આવ્યા, બાળકીને હોસ્પિટલ ખસેડી મળતી માહિતી મુજબ, મોટી પીંગળી ગામમાં રહેતા દીપકકુમાર સોલંકીની ૧૦ વર્ષની ભત્રીજી ઘરઆંગણે રમી રહી હતી. આ દરમિયાન અચાનક વાંદરાએ તેના પર હુમલો કરી પગે બચકાં ભર્યાં હતાં. બાળકીની ચીસો સાંભળીને પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા અને વાંદરાને ભગાડ્યો હતો. ત્યારબાદ બાળકીને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તેની સારવાર શરૂ કરવામાં આવી હતી.

વાંદરાને પકડી પાંજરે પૂરવાની ગ્રામજનોની માંગ આ ઘટનાને પગલે ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ વનવિભાગ સમક્ષ વાંદરાને પકડીને પાંજરે પૂરવાની માંગ કરી છે, જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવી શકાય.

મોરવા(હ)ના વાંસદેલીયા ગામથી લીલા ગાંજા ૪૨.૫ કિલો રૂા.૨૧.૨૫ લાખના મુદ્દામાલ સાથે આરોપીને એસ.ઓ.જી.એ ઝડપ્યો



મોરવા(હ),

મોરવા(હા તાલુકાના વાંસદેલીયા રાવત ફળીયામાં રહેતા ઈસમે પોતાના ભોગવટાની જમીનમાં લીલા ગાંજાનાછોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે તપાસ હાથ ધરી હતી. ખેતર માંથી ૩૩ લીલા ગાંજાના છોડ કિંમત રૂા.૨૧.૨૫ લાખના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો.

મોરવા(હ) તાલુકાના વાંસદેલીયા ગામે રાવત ફળીયામાં રહેતા આરોપી અનોપસિંહ મથુરભાઈ રાવત એ પોતાની કબ્જા ભોગવટાની જમીનમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમી પંચમહાલ એસ.ઓ.જી. પોલીસને મળી હતી. બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે પંચો સાથે રાખી રાવત ફળીયામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન લીલા ગાંજાનાછોડ નંગ-૩૩ વજન ૪૨.૫ કિલો કિંમત રૂા.૨૧.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો અને આરોપી અનોપસિંહ મથુરભાઈ રાવતની ધરપકડ કરી હતી. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

પાવાગઢ યાત્રાધામ ખાતે પૂર્ણિમા અને દેવ દિવાળીના પર્વે માઈભક્તો ઉમટ્યા



હાલોલ,

પંચમહાલ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ પાવાગઢ ખાતે કારતક સુદ પૂનમ એટલે કે કાર્તિકી પૂર્ણિમા અને દેવ દિવાળીના પવિત્ર પર્વે ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ મહાકાળી માતાજીનાં દર્શન માટે ગુજરાત સહિત દેશનાં અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તોની ભારે ભીડને કારણે મંદિર પરિસર તેમજ દર્શન માટે જતા માર્ગો પર લાંબી કતારો જોવા મળી હતી.

માતાજીને વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો દેવ દિવાળીના પાવન અવસરે પાવાગઢ મહાકાળી માતાજીના મંદિરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે મંદિરના પૂજારી બ્રાહ્મણો દ્વારા માતાજીનાં ચરણોમાં વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વિવિધ વાનગીઓથી સજાવવામાં આવેલા અન્નકૂટનાં દર્શન કરીને માઈભક્તોએ ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ ભક્તિભાવપૂર્વક માતાજીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

પરિવારની સુખ-સમૃદ્ધિ માટે ભક્તોએ કરી પ્રાર્થના કાર્તિકી પૂર્ણિમાના ધાર્મિક મહત્ત્વને ધ્યાનમાં રાખીને વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પરિવાર સાથે આવેલા ભક્તો લાંબી કતારોમાં ઊભા રહી માતાજીનાં દર્શન કરી રહ્યા હતા. મંદિર પરિસર જય મહાકાળી અને જય માતાજીના નાદથી ગુંજી ઊઠ્યું હતું. ભક્તોએ માતાજીનાં દર્શન કરી પોતાના પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. દેશભરમાંથી આવેલા શ્રદ્ધાળુઓથી યાત્રાધામ બન્યું ભક્તિમય પાવાગઢ ખાતે દર વર્ષે વિવિધ ધાર્મિક પર્વો દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે કાર્તિકી પૂર્ણિમા અને દેવ દિવાળીના પવિત્ર પર્વે પણ દેશભરમાંથી આવેલા માઈભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. માતાજીને ધરાવવામાં આવેલા ભવ્ય અન્નકૂટ અને ભક્તોની અતૂટ શ્રદ્ધાને પગલે સમગ્ર પાવાગઢ યાત્રાધામ ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયું હતું.

પંચમહાલ જીલ્લા કમલમ ખાતે સાંસદની ઉપસ્થિતીમાં સંવિધાન દિવસના કાર્યક્રમોની વિગતો જાહેર કરી



ગોધરા,

સંવિધાન ગૌરવ દિનની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જીલ્લા ભાજપે ગોધરાના કમલમ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી, જેમાં પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ અને જીલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈ હાજર રહ્યા હતા. પંચમહાલ જીલ્લા કક્ષાની ઉજવણી કાલોલની નીલકંઠ કોલેજમાં થશે, તેમજ જીલ્લાના અન્ય સ્થળોએ પણ સંવિધાન દિવસના કાર્યક્રમો યોજાશે.

કાલોલની નીલકંઠ કોલેજમાં જીલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવશે પત્રકાર પરિષદમાં સંવિધાન દિવસના કાર્યક્રમો અને ભારતીય બંધારણના મહત્ત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. સાંસદ રાજપાલસિંહ જાદવે જણાવ્યું હતું કે પંચમહાલ જીલ્લા કક્ષાની ઉજવણી કાલોલની નીલકંઠ કોલેજમાં થશે, આ ઉપરાંત જીલ્લાના અન્ય વિવિધ સ્થળોએ પણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

મયંક દેસાઈએ બંધારણને એકતા અને લોકશાહીનો આધાર ગણાવ્યો જીલ્લા ભાજપ પ્રમુખ મયંક દેસાઈએ બંધારણને દેશની એકતા, અખંડિતતા, સામાજીક સમરસતા અને લોકશાહીનો આધાર ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બંધારણ અને તેના ઘડવૈયા ડો. બાબા આંબેડકરને રાષ્ટ્રીય ગૌરવના કેન્દ્રમાં સ્થાપિત કરવાનું કામ થયું છે, તેમજ પરિષદમાં આગામી કાર્યક્રમોની વિગતો પણ રજૂ કરવામાં આવી હતી.

શહેરાના આંબાજટીમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં ઠાકર મંદિરે ધ્વજારોહણ મહોત્સવ યોજાયો

શહેરા,

શહેરાના આંબાજટી ગામના ઠાકર મંદિરમાં દેવ દિવાળી નિમિત્તે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને ઘનશ્યામ ભરવાડની વિશેષ ઉપસ્થિતિમાં ધ્વજારોહણ મહોત્સવ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો ભક્તિભાવપૂર્વક યોજાયા હતા.ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે દ્વારકાધીશ, શંકર ભગવાન, ગણપતિ દાદા અને હનુમાન દાદાના દર્શન કરી સૌના સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

શહેરા તાલુકાના આંબાજટી ગામમાં આવેલા ઠાકર મંદિર ખાતે દેવ દિવાળીના પાવન પર્વ નિમિત્તે ભક્તિ, શ્રદ્ધા અને ઉમંગભર્યા વાતાવરણમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને ઘનશ્યામ ભરવાડની વિશેષ ઉપસ્થિતિ રહી હતી, જેના પગલે સમગ્ર ગામમાં ધાર્મિક ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

દેવ દિવાળીના શુભ પ્રસંગે મંદિર પરિસરમાં ધ્વજારોહણ મહોત્સવ ધામધૂમ અને પરંપરાગત વિધિવિધાન સાથે યોજાયો હતો. મંદિરના શિખર પર ધ્વજા લહેરાવવામાં આવી ત્યારે ઉપસ્થિત ગ્રામજનો અને ભક્તોએ જયઘોષ સાથે વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ધ્વજારોહણ બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને ઘનશ્યામ ભરવાડે મંદિરમાં બિરાજમાન દ્વારકાધીશ ભગવાન, દેવાધિદેવ શંકર ભગવાન, વિઘ્નહર્તા ગણપતિ દાદા તેમજ સંકટમોચન હનુમાન દાદાના ભાવપૂર્વક દર્શન કર્યા હતા. તેમણે તમામ દેવી-દેવતાઓના ચરણોમાં શીશ ઝુકાવીને વિધિવત પૂજા-અર્ચના કરી હતી અને સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.



ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે પોતાની ભાવના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દેવ દિવાળીનો પવિત્ર દિવસ એ અંધકારમાંથી પ્રકાશ તરફ અને સત્યના માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે છે. તેમણે પ્રભુના ચરણોમાં પ્રાર્થના કરી હતી કે ભગવાન દ્વારકાધીશ, શંકર ભગવાન, ગણપતિ દાદા અને હનુમાન દાદા સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને ખુશીઓનો આશીર્વાદ સદાય વરસાવતા રહે. વધુમાં, સમગ્ર વિસ્તારમાં ભાઈચારો જળવાઈ રહે અને સમાજ તથા પંથકનો સર્વાંગી વિકાસ થાય તેવી શુભકામનાઓ પણ પાઠવી હતી.મંદિર ખાતે આયોજીત આ ધાર્મિક પ્રસંગે સંતો , મહંતો ,ગામના વડીલો, યુવાનો, મહિલાઓ, મંદિરના અને સામાજીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનોનું ગ્રામજનો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મંદિર સમિતિ અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. દેવ દિવાળીના આ પાવન પર્વે ઠાકર મંદિર ખાતે યોજાયેલા ધ્વજારોહણ અને દર્શનના કાર્યક્રમથી સમગ્ર આંબાજટી ગામમાં ધર્મમય અને આનંદમય વાતાવરણ છવાઈ ગયું હતું.

કડાણાની એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ યોજ્યો

કડાણા,

ભારત સરકાર યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત મહીસાગરના જીલ્લા યુવા અધિકારી અભિષેક શુકલાના માર્ગદર્શન હેઠળ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, કડાણા ખાતે વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વિકસિત ભારત માટે નશા મુકત યુવા (Nasha Mukt Yuva for Viksit Bharat) ની થીમ પર આધારિત આ કાર્યક્રમમાં આશરે ૧૫૦ જેટલા યુવાનો, વિદ્યાર્થીઓ અને ગણમાન્ય નાગરિકોએ ઉત્સાહપૂર્વક સહભાગીતા નોંધાવી હતી.

આ અવસરે મુખ્ય અતિથિ તરીકે સંતરામપુર વિધાનસભાના માનનીય ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ કેબિનેટ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર તેમજ વિશિષ્ટ અતિથિ તરીકે જીલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન શૈલેન્દ્રસિંહ પુવાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય અતિથિ ડો. કુબેરભાઈ ડિંડોરે યુવાનોને સંબોધતા સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના ભવ્ય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દેશની યુવા પેઢીએ નશાને સંપૂર્ણપણે ના કહેવી પડશે. તેમણે નશાના વ્યસનથી યુવાનોના સ્વાસ્થ્ય, કારકિર્દી અને પરિવાર પર પડતી ગંભીર તથા હાનિકારક અસરો અંગે વિગતવાર સમજ આપીને વ્યસનમુક્ત જીવનશૈલી અપનાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

કાર્યક્રમ અંતર્ગત માનનીય ધારાસભ્યએ યુવા સંવાદના માધ્યમથી ઉપસ્થિત યુવાનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રશ્નો તથા વિચારોને સાંભળી રાષ્ટ્રના વિકાસમાં તેમની ભૂમિકા અંગે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ જેમના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો, તેવા માય ભારત કેન્દ્ર, મહીસાગરના જીલ્લા યુવા અધિકારી અભિષેક શુકલાએ પણ પોતાના ઉદ્બોધનમાં નશા મુક્તિના સંદેશનો પુનરોચ્ચાર કર્યો હતો અને યુવાનોને સકારાત્મક ઊર્જા સાથે દેશના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના આચાર્ય પી. એસ. વર્માએ પણ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારના વ્યસન કે નશાથી દૂર રહેવાની શીખ આપી હતી. ઉપરાંત, કડાણા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. માનવેન્દ્રસિંહ પુવાર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમ ગ્ર કાર્યક્રમનું સફળ સંકલન માય ભારત (MY Bharat) ના પૂર્વ રાષ્ટ્રીય સ્વયંસેવક જીગર ભોઈ દ્વારા કાર્યક્રમના આયોજનમાં મહત્ત્વપૂર્ણ સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, મહીસાગર જીલ્લાના સ્વયંસેવકો હેમંત,સહદેવ, પ્રિયાંશુ અને કિશન દ્વારા પણ કાર્યક્રમના સંકલનમાં સક્રિય ભૂમિકા ભજવવામાં આવી હતી. જીલ્લા યુવા અધિકારી અભિષેક શુકલા આ કાર્યક્રમ સર્વ યુવાનો ભાગ લેવા બદલ અને વિજેતાઓને દિલથી ધન્યવાદ્ સાથે આભાર વ્યક્ત કર્યો હતો.